
આત્મ સં. ૪૦
વીર સં. ૨૪૬૨।૬૨
વિ. સં. ૧૯૯૨।૯૩

પુસ્તક નં. 33

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક નં. 33

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિરચિત વીતરાગ સ્તુતિ.
ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ. ૧
૨ નૂતન વર્ષનું મંગળમય વિધાન. ... તંત્રી મંડળ. ... ૩
૩ શ્રવણ અને સંસ્મરણ આઠ પ્રકારના પક્ષી અને આઠ પ્રકારના ગુરૂ. ૯
૪ જૈન સાહિત્યનો પ્રભાવ. ... ... ... ૧૦
૫ આધ્યાત્મિક જીવન. ... અનુ૦અભ્યાસી ... ૧૨
૬ સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણનો રચના સંવત. મુનિ શ્રી હિમાંશુવિજયજી. ૧૬
૭ ચાર કષાયો ( મહાન્ તસ્કરો ) રા. રાજપાળ મગનલાલ વોરા. ૨૧
૮ ધ્યાન. ... ... ( રા. ચોકસી ) ... ... ... ૨૮
૯ વર્તમાન સમાચાર ૩૦
૧૦ સ્વીકાર-સમાલોચના. ... ... ... ૩૦
૧૧ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની વર્તમાન સ્થિતિ. ( પાછળ )



સ્રો ઉપયોગી

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક રા. સુશીલ. )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્‌ભુત, રસિક કથા ગ્રંથ. )**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રી ધનેશ્વર મુનિની આ કથાની રચના જૈન કથા-સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગના અને રાગમોહથી મુંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે બતાવી છે. પ્રાચીન શૈલીએ લખાએલી આ કથાને બનીશકે ત્યાંસુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ અને આશય એ તમામ સાચવી સરલ રીતે આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

કથારસિક વાંચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા (ચરિત્ર) પછી કેવળ ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશ શ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદષ્ટિ, ઉપદેશ, ચરિત્રકથા અને પ્રાચીન સાહિત્યની દ્રષ્ટિએ આ ગ્રંથ એક કિંમતિ અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટ્રીક પેપર ઉપર સુંદર અક્ષરો અને રેશમી કપડાના સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂ. ૧-૮-૦ પોસ્ટેજ જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી ) મહારાજનો

# શતાબ્દિ મહોત્સવ.

આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરિ ( શ્રી આત્મારામજી મહારાજ ) નો જન્મ વિક્રમ સંવત ૧૮૯૨ ના ચૈત્ર શુદિ પ્રતિપદાને રોજ થયો હતો. આગામી ૧૯૯૨ ના ચૈત્ર શુદિ ૧ ના દિવસે, એમનાં ઉપકારક જીવનનાં સો વરસ પૂરાં થતાં હોવાથી, તે દિવસે શતાબ્દિનો મહોત્સવ ઉજવવાનું ઠરાવવામાં આવ્યું છે.

શ્રી આત્મારામજી મહારાજ, ખરેખર જૈનશાસનના એક સમર્થ જ્યોતિર્ધર હતા. સમસ્ત જૈન સંઘ ઉપર એમનો અસાધારણ ઉપકાર છે. જે વખતે અજ્ઞાનતા, વ્હેમ, ગતાનુગતિકતા અને સંકુચિતતા પોતપોતાનાં આસન જમાવીને બેઠાં હતાં તે વખતે આ આચાર્ય મહારાજે શાસ્ત્ર અને સંયમનો સિંહનાદ સંભળાવી જૈન સંઘને સચેત કર્યો. શિથિલતા, જડતા અને પાખંડ જેવા યુગવ્યાપી અંધકારને એમણે એકલા હાથે વિદાર્યો.

જૈન શાસન અને જૈન સમાજને માટે એમણે શું શું કર્યું છે તેનો કિંચિત્ ખ્યાલ શ્રીયુત ભાઇ સુશીલે લખેલા રસમય *જીવનચરિત્રના વાંચનથી આવી શકશે. આવા મહોપકારી શાસનપ્રભાવક પુરૂષોના સ્મરણમાત્રથી કોઇ પણ શાસનરસિકનું હૃદય ભક્તિભાવથી દ્રવિત થયા વિના ન રહે. એ મહાઉપકારી પુરૂષની શતાબ્દિ પણ એટલા જ ઉલ્લાસ અને અવિભક્ત ભાવથી ઉજવાવી જોઇએ.

અને અમને એમ જણાવતાં આનંદ થાય છે કે શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિની યોજના સાંભળતાં જ શ્રદ્ધાળુ ધર્મપ્રેમીઓએ એને વધાવી લીધી છે. સ્વ. આત્મારામજી મહારાજનાં સ્મરણાર્થે એમના ઉજ્વળ જીવન જેવાં જ સ્મારકો યોજાવાં જોઇએ એમ સૌ કોઇ સ્વીકારે છે.

---

* જીવનચરિત્ર છપાઇ ગયેલ છે. કિંમત આઠ આના. લખો—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન સમાજના આંગણે આવેલી આ સોનેરી તકને હરેક રીતે સફળ કરવા કટિબદ્ધ થશો. પોતાનું શુભ નામ શતાબ્દિ ફંડમાં યથાશક્તિ ભક્તિ અનુસાર અવશ્ય લખાવવા ધ્યાન આપવું. આપણા ભાગ્યોદયે આ સુઅવસર સાંપડયો છે, તેથી આપણી ફરજ સમજીને અવશ્ય મદદ કરવા પોતાનો ઉદાર હાથ લંબાવશો એવી આશા રાખવામાં આવે છે.

શ્રીઆત્મારામજી મહારાજ માટે બેમત દુનિયામાં છે જ નહી. એ મહાપુરૂષે વીસમીસદીમાં જે જહેમત ઉઠાવી શાસનનું કાર્ય કર્યું છે, તે કોઇથી અજાણ્યું નથી. ખરેખર આ સદીમાં–વર્ત્તમાન સમયમાં જે સાધુઓની વિશાળ સંખ્યા નજરે આવે છે તે આ પ્રતાપી, અખંડ ત્યાગીને જ આભારી છે. પંજાબ જેવા વિકટ પ્રદેશમાં શુદ્ધ સનાતન ધર્મ–પ્રભુશ્રી મહાવીર ભગવાનનો પ્રરૂપેલો શુદ્ધ માર્ગ આ ભડવીરે જ અનેક કષ્ટો સહન કરી ઉપસર્ગો સહીને પ્રવર્ત્તાવ્યો છે. આજે પંજાબમાં ગગનચુંબી શિખરોથી અલંકૃત વિશાળ મંદિરો જ્યાં ત્યાં નજરે આવે છે તે આજ ગુરૂદેવના ઉગ્ર તપોબળનો પ્રભાવ છે. આર્યસમાજીઓનો સામનો આ અખંડ ત્યાગીએ જ કર્યો છે. અનેક વિદ્વદ્‌માન્ય પુસ્તકો લખી ધર્મ ઉપર થતા ખોટા આક્ષેપોનો સચોટ રદીઓ આ આત્માએ આપ્યો છે. અમેરિકા જેવા ધર્મવિમુખ દેશમાં ધર્મની ઘોષણા કરનાર આ જ વીર સુભટ છે. શાંતિસાગરજી અને હુકમીમુનિજી જેવાઓની સાથે આ વીરે જ બાથ ભીડી નિસ્તેજ કર્યા છે. જોધપુર શહેરમાં ધર્મથી પરાઙ્મુખ બનતા આત્માઓને ધર્મમાં સ્થિર સ્થાપન કરી શુદ્ધ માર્ગ પર ચઢાવ્યા છે. ડૉક્ટર હૉર્નલ જેવા જૈન ધર્મના અભ્યાસીને પડેલી શંકાઓના સચોટ ઉત્તરો શાંતિથી આ સમર્થ આત્માએ જ આપ્યા છે. હરેક રીતે શ્રીઆત્મારામજી મહારાજે સમાજ ઉપર અનેક ઉપકારો કરી પોતાનું નામ અમર બનાવ્યું છે. એ અમર આત્માની સો વર્ષની જન્મ શતાબ્દિ ઉજવવી એ આપણી પ્રથમ ફરજ વિચારી દરેક પ્રકારે વફાદાર રહી કાર્યને પોષણ આપવું એ આપણું મુખ્ય કર્ત્તવ્ય છે.

ગુરૂભક્તિનો લાભ સ્ત્રી હો કે પુરૂષ હો દરેક લઇ શકે છે. દરેકનો સરખો હક્ક છે. ઘર આંગણે આવેલી ગુરૂશતાબ્દિરૂપ ગંગાને જરૂર વધાવી લઇ પોતાનું નામ અમર કરવા સદા તૈયાર રહેશો. શાસનદેવ સહુને સદ્‌બુદ્ધિ આપી શતાબ્દિના કાર્યને યશસ્વી બનાવે એજ ભાવના.

ગોડીજીનો ઉપાશ્રય, પાયધુની મુંબઇ.
૨૯–૭–૩૫.

ચરણવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६१. श्रावण. आत्म सं. ४०. { अंक १ लो.

## શ્રીમાન્ હેમચંદ્રાચાર્યવિરચિત વીતરાગસ્તવ–સ્તુતિ

### પ્રથમ પ્રકાશ.

ઉપોદ્‌ઘાત–( ભાષાનુવાદ )

દોહરા

પરંજ્યોતિ પરમાત્મ *જે, પરમેષ્ઠી પરમ સાર;
' આદિત્યવર્ણ ' જેને કહે, ( કારણ ) પ્રાપ્ત †તમઃ પર પાર. ૧
ઉન્મૂલિત જેથી સમૂલ, કલેશ વૃક્ષ નિઃશેષ;
મસ્તકથી જેને નમે, સુરાસુરેશ નરેશ. ૨

* અત્રે સર્વ વિભક્તિના પ્રયોગપૂર્વક વર્ણન કર્યું છે. યઃ, યમ્, યેન, યસ્મૈ ઇત્યાદિ તથા વળતી શ્રેણીમાં સઃ, તમ્, તેન ઇત્યાદિ. ભાષાનુવાદમાં પણ એ જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરુષાર્થ વિદ્યા તણું, જ્યાંથી મૂલ ††ઉત્થાન;
ભાવ ભૂત ભાવિ ભવદ્, અવભાસે જસ જ્ઞાન. ૩
બ્રહ્મ[1] જ્ઞાન આનંદ જ્યાં, એક આત્મતારૂપ;
તેહ ધ્યેય અધ્યેય તે, શ્રહું તે શરણ સ્વરૂપ. ૪
સનાથ તેથી હું થરૂં, તેહ અર્થ અભિલાષ;
તેથી થાઉં કૃતાર્થ હું, થઉં તેનો હું દાસ. ૫
તેહ વિષે કરી સ્તોત્ર હું, કરૂં પવિત્ર સ્વ વાણ;
ભવારણ્યમાં પ્રાણીને, આ જ જન્મફલ જાણ. ૬
ક્યાં હું પશુથી પણ પશુ? વીતરાગ સ્તવ ક્યાંહિ?
પદથી અટવી લંઘતા, પંગુ[2] સમ હું આંહિ!! ૭
શ્રદ્ધા મુગ્ધ સ્ખલું છતાં, ઉપાલંભ નહિં યોગ્ય;
વાગ્રચના શ્રદ્ધાલુની, [3]વિશ્રૃંખલ પણ સ્હોય. ૮
[ હેમચંદ્રકૃત સ્તવતણા, પ્રભાવથી સુરસાલ;
વાંચ્છિત ફલને પામજો, કુમારપાલ નૃપાલ ] ૯

॥ इति प्रथम प्रकाश ॥

---

પ્રકારે—જે, જેને, જેથી ઇત્યાદિ સરખાવો—

'वीर सर्वसुरासुरेन्द्रमहितो वीरं बुधाः संश्रिताः। —શ્રી સકલાર્હત્

† અજ્ઞાનતમઃથી પર થવાથી જેને 'આદિત્યવર્ણ' કહે છે સરખાવો—

"त्वामामनंति मुनयः परमं पुमांस-
मादित्यवर्णममलं तमसः परस्तात्।" —શ્રી ભક્તામર સ્તોત્ર.

†† જે ધર્મ—અર્થ—કામ—મોક્ષ એ ચાર પુરુષાર્થસાધક વિદ્યાઓનું મૂલ ઉત્પત્તિ સ્થાન છે. સરખાવો—

"प्रशान्तमतिगंभीरं, विश्वविद्याकुलगृहम्।
भव्यैकशरणं जीयच्छ्रीमत्सर्वज्ञशासनम्॥" —શ્રી જ્ઞાનાર્ણવ.

૧. બ્રહ્મ=શુદ્ધ આત્મસ્વરૂપ, સત્. જ્ઞાન=લોકાલોકપ્રકાશક કૈવલ્ય, ચિત્. અર્થાત્ જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

૨. પગે ચાલીને મોટી અટવી ઉલ્લંઘવા ઇચ્છતા પાંગળા જેવો હું છું. અત્રે કવીશ્વરે પોતાની લઘુતા લાક્ષણિક રીતે નિવેદન કરી છે.

૩. વિશ્રૃંખલ=શ્રૃંખલા—બંધન રહિત. અસંબદ્ધ. અત્રે કવિ કહે છે કે—આવા દુઃસાધ્ય વીતરાગ સ્તવમાં હું અસમર્થ છતાં,—શ્રદ્ધાથી પ્રેરિત થઇ પ્રવર્તતાં ક્યાંય સ્ખલના કરૂં, તો પણ ઉપાલંભને—ઠપકાને પાત્ર નથી; કારણ કે શ્રદ્ધાવંતની અસંબદ્ધ વચનરચના પણ શોભે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષનું મંગલમય વિધાન.

આધ્યાત્મિક જ્યોતિના ઉજ્વળ કિરણોવડે જૈનદર્શનનાં ઉચ્ચ તત્ત્વોદ્વારા વિશ્વમાં સમભાવના રહસ્યો અર્પતું, વાસનામય જીવનમાં મધુબિંદુની માફક ઓતપ્રોત થયેલા સંસારી જીવોને સત્કર્મ અને દુષ્કર્મનું ભાન દર્શાવતું, તર્કવાદી જ્ઞાન કરતાં ચારિત્રની ( Character ) ભૂમિકા શ્રેષ્ઠતર છે એ સિદ્ધાંતને સમજાવતું, સકલ સૃષ્ટિના અનંત પદાર્થોમાંથી આત્મા-હું-ને શોધી કાઢી ઓળખાવતું અને પૌદ્ગલિક આનંદોને ક્ષણવિનશ્વર માની આત્મિક આનંદ પ્રકટાવવાની કળાનું શિક્ષણ આપી પુરૂપાર્થપરાયણ થવાની જાગૃતિ અર્પતું '**આત્માનંદ પ્રકાશ**' આજે ૩૩મા વર્ષમાં પ્રવેશ કરે છે.

જીવન એક સળંગ અસ્ખલિત અવિચ્છિન્ન વ્યાપાર છે; માત્ર જીવનપ્રવૃત્તિનો પ્રદેશ જ બદલાય છે. નિશ્ચયદષ્ટિ અથવા નિરપેક્ષ પરમાત્મદષ્ટિબિંદુથી ( standpoint of the absolute ) જોતાં સ્થળ, કાળ કે કાર્ય-કારણ ( time-space & causation ) કશું છે જ નહિં; છતાં આપણા સામાન્ય અનુભવમાં આવતા વ્યવહારના ( relative stand-point ) દષ્ટિબિંદુથી જોતાં જીવનપ્રવૃત્તિના જુદા જુદા પ્રદેશો છે. **આત્માનંદ પ્રકાશની** જીવનપ્રવૃત્તિ ( vital power ) પણ કાગળો અને અક્ષરોરૂપે સ્થૂલસૃષ્ટિ ગણાય, પરંતુ આધ્યાત્મિકદષ્ટિએ ભાવનાસૃષ્ટિમાં પોતાના વાંચનનો જે જે સાર-ભાગ જે જે મનુષ્યોને હૃદયસ્પર્શી થયો છે તેની ગણના કરતાં તેની આધ્યાત્મિક જીવનપ્રવૃત્તિનું માપ થઇ શકે છે. કાળ અનાદિ અનંત છે; પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રકોટિનું જીવન વ્યક્તિની દષ્ટિએ આદિ અનંત છે. આવા આધ્યાત્મિક જીવનની આદિ પ્રકટાવવા અને એ રીતે જીવનપ્રવૃત્તિનો સમન્વય ( compromise ) સાધવા "**આત્માનંદ પ્રકાશ**" ધીમી પણ મક્કમ પ્રગતિ કરી રહ્યું છે.

તેત્રીશ વર્ષની ઉમ્મરે યુવાવસ્થાના કાળનો અનુભવ કરતું અને તેને ઉચિત ચેષ્ટા કરતું "**આત્માનંદ પ્રકાશ**" સ્વગત પ્રશ્ન કરે છે કે-જગત્‌માં ધાર્મિક આત્માઓ પોતાની યુવાવસ્થામાં મળેલ ઉત્સાહ અને વીર્યનો સદુપયોગ જો ધર્મમાર્ગમાં નહિં કરે તો વૃદ્ધા-વસ્થામાં પશ્ચાત્તાપ સિવાય અન્ય કાંઇપણ વસ્તુ તેમને માટે અવશિષ્ટ નહિં રહે, તેમ અત્યારે મારી યુવાવસ્થા ચાલુ થઇ ગયેલી છે તો બની શકે તેટલા ઉત્સાહથી મારા વાંચકોને નક્કર-તાત્ત્વિક વાંચન આપવું એ મારૂં કર્તવ્ય છે; અને તે ગત વર્ષમાં મારાથી બની શક્યું તેટલું પારમાર્થિક આવશ્યકતા તરિકે આપેલ છે કે કેમ ? ઉત્તર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હ' કારમાં આવે છે એટલે સંતોષ થાય છે, પરંતુ યુવાવસ્થાના ઉછળતા વેગની માફક ઉત્સાહનો તનમનાટ થતાં ભવિષ્યમાં વધારે સુંદર લેખસમૃદ્ધિ સમર્પવાની અભિલાષાનો અસંતોષ પણ સાથે જ પ્રકટેલો છે કે જે કાર્યસિદ્ધિ પછી જ સંતોષના રૂપમાં પલટાઇ જશે.

૩૩ ની સંજ્ઞા ચરમશાસનાધિપાત શ્રી **વીરપરમાત્માએ** શ્રી **ગૌતમસ્વામીજી** વિગેરે ગણધરોને ઉદ્દેશીને પ્રબોધેલ उपन्नेवा, विगए वा, धुवे वा રૂપ ત્રિપદીનો દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયી સાથે સમન્વય કરી લેવાથી ઉદ્ભવે છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ગુણોના પર્યાયોનો ઉત્પાદ અને વ્યય થવા છતાં નિશ્ચયદૃષ્ટિએ આત્મદ્રવ્ય ધ્રુવ રહે છે; તે રીતે પ્રત્યેક આત્માએ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયી પ્રકટ કરવા ઉદ્યમને મુખ્ય કરી શ્રી **વીરપરમાત્માએ** પ્રબોધેલ સાધ્ય તરફ પ્રતિદિન પ્રગતિમાન થવું જોઇએ, જેથી પ્રબળ ઉદ્યમ પુરૂષાર્થ આગળ ભવિતવ્યતા વિગેરે કારણો અવશ્ય ગૌણ બની જતાં અંતરાત્મ અવસ્થામાં આગળ વધતાં પરમાત્મપદમાં સ્થિર થવાનો સમય અવશ્ય આવી પહોંચે છે; દ્વાદશાંગીના બીજની સાથે રત્નત્રયીનું સમન્વય સાધતું 'આત્માનંદ પ્રકાશ' ઉત્તરકાલીન મંગળમય વિચારોથી નૂતનવર્ષમાં પ્રવેશતાં ગૌરવયુક્ત અભિનંદન લે છે.

**સંસ્મરણો—**

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય સ્વ૦ ગુરૂદેવ શ્રીમદ્ **વિજયાનંદસૂરિજી** મહારાજના જન્મસમયથી માંડીને સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદ ૧ ને દિવસે એક સો વર્ષ પૂર્ણ થાય છે. તેનો શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો ગત વર્ષમાં નિર્ણય કરેલો છે, તેને ગુજરાત-કાઠિયાવાડ-મારવાડ-મેવાડ-કચ્છ-બંગાળ વિગેરે દેશોએ સહર્ષ વધાવી લીધો છે. ગુરૂદેવના ઉપકારક જીવનસ્મરણને ચિરસ્થાયી-જ્વલંત બનાવવાને એ ઉત્સવ કેવા રૂપમાં ઉજવાય એ માટે સ્મારક સમિતિઓ મુંબઇમાં નીમાઇ ગઇ છે. ગુરૂદેવના ઉપકારના બદલામાં ફૂલ નહિં તો ફૂલની પાંખડી સમાન આ જૈન સમાજનું કર્તવ્ય છે. શતાબ્દિ નિમિત્તે ગુરુદેવનું ઉજ્વલ જીવનચરિત્ર જીવનના ભરચક સંસ્મરણોથી હમણાં જ પ્રકટ થઇ ગયેલ છે તેમજ જૈન ધર્મને લગતી પ્રાચીન ઐતિહાસિક શોધખોળ અને પુરાતત્ત્વનો સમાવેશવાળો સ્મારક અંક લગભગ આઠસોથી હજાર પાનાંનો જૈન અને જૈનેતરોની વિવિધ લેખસામગ્રી સાથે પ્રકાશિત કરવામાં આવશે, તેને માટે મહાન્ તૈયારીઓ ચાલી રહી છે. મુખ્યતાએ શતાબ્દિ ઉજવવા માટેની પ્રેરણા પૂજ્યપાદ પ્ર. **શ્રી કાંતિવિજયજી** મહારાજ તથા સ્વ. શાંતમૂર્તિ **શ્રીહંસવિજયજી** મહારાજ તથા **શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ તરફથી ઉદ્ભવેલી છે જેથી તે મહાત્માઓનો જૈન સમાજે ઉપકાર માનવો ઘટે છે; એટલું જ નહિ પરંતુ સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદ ૧ નો દિવસ અખિલ ભારતવર્ષમાં ઉત્સાહપૂર્વક ઉજવાય અને સ્વ. ગુરુદેવની સ્મરણાંજલિ અર્પાય એ ચિરસ્મરણીય તકનો લાભ લેવા પ્રત્યેક જૈને યથાશક્તિ સહાય અર્પવાને કટિબદ્ધ થવું જોઇએ. એ મહાન્ આત્માએ ભારતવર્ષ ઉપર યુગપ્રધાન તરીકે છેલ્લામાં છેલ્લો મહાન ઉપકાર કરેલો છે, તેની કિંચિત્ સેવામાં પ્રત્યેક જૈને ફાળો આપવો જોઇએ અને તે સંબંધમાં વિરોધ બતાવનારી વ્યક્તિઓએ પણ આવા સુંદર કાર્યમાં સહાય આપી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપયશ સંપાદન નાહ કરતાં સમન્વય સાધીને ગુરુદેવની ભક્તિમાં ઉત્સાહપૂર્વક **સામેલ** થઈ જવું જોઇએ.

**૨:—જૈન**ધર્મ પ્રસારક **સભા**ના સુવર્ણ મહોત્સવના **પ્રસંગે પ્રો.** આનંદશંકર બાપુભાઇ ધ્રુવ **સાહેબ** પ્રમુખ હતા, જેમનું ત્રીજા દિવસનું અત્રેની પ્રજા **સમક્ષ**નું ભાષણ વિશાળ, ભવ્ય અને બહુવ્યાપી દ્રષ્ટિવાળું ( outlook ) હતું જેમાં મે **પટણી** સાહેબની હાજરી પણ હતી. ઉપરાંત પ્રો. **ધ્રુવ** તથા મે. **પટણી** સાહેબે તે વખતમાં **શ્રી આત્માનંદ સભા** ( **આ સભા** ) ની મુલાકાત પણ લીધી હતી અને **જૈન** વિવિધ વિષયનું પ્રાચીન સાહિત્ય **સુંદર** રીતે પ્રકાશન કરી રહેલ હોવા **માટે** તે દિવસે અને ત્રીજા દિવસની જાહેર મીટીંગમાં **આનંદ** જાહેર કર્યો હતો.

૩:—જૈન ગુરૂકુલના સંસ્થાપક સ્વ. મુનિ શ્રી **ચારિત્રવિજયજી** ( કચ્છી ) ની દેહ-**પ્રમાણ** મૂર્તિ ગતવર્ષના ફાલ્ગુન **માસમાં** શ્રી પાલીતાણા શ્રીયશોવિજયજી **જૈન** ગુરૂકુળમાં સ્થાપન કરવામાં આવી હતી. તે **પ્રસંગે** તેમણે **કરેલી ગુરુકુલ**ની સ્થાપના, તેમની સમાજ-સેવા અને પાલીતાણાની નદીના જલપ્રલય પ્રસંગે જાતિભોગથી કરેલું માનવજીવોનું સંરક્ષણ, વિગેરે વિવેચનો થયાં હતાં. મેળવડો અપૂર્વ હતો; ગુરુકુલનું બીજ સદ્‌ગતે વાવ્યું હતું તે આજે ફાલીફૂલીને વૃક્ષ થયું છે. એ સદ્‌ગતની પ્રખર ભાવનાનું અને મુંબઇ તથા ભાવનગર કમીટીના કાર્યવાહકોની નિ:સ્વાર્થ સેવાનું પરિણામ છે.' આ પ્રસંગે તેમના વિદ્વાન્ શિષ્ય ત્રિપુટી મુ. **દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી** અને **ન્યાયવિજયજી** વિગેરે મુનિરાજો વિગેરેની હાજરીથી પ્રસ્તુત મેળાવડો ઠીકઠીક **સમૃદ્ધ** બન્યો હતો.

**૪:—અમદાવાદ**થી શ્રી **શંત્રુજય** અને **ગિરનારજી** તીર્થોએ શેઠ શ્રી **મનસુખભાઇ ભગુભાઇના સુ**પુત્ર શેઠ **માણેકલાલભાઇ**એ 'છ' 'રી' પાળતો કાઢેલો સંઘ એ ગતવર્ષના **સંસ્મરણ**ની અપૂર્વ ઘટના છે. સેંકડો **સાધુ સાધ્વી** મહારાજો, હજારોની સંખ્યામાં યાત્રાળુ ભાઇબ્હેનો, **સાથે** દબદબાભર્યો તેવો **સંઘ** ઘણાં વર્ષો **થયાં** નીકળ્યો **સાંભળ્યો નથી. આવા મહાન્ માંગલિક** કાર્યને અંગે શેઠ **શ્રી** માણેકલાલભાઇના **પાંચ–પાંચ** વર્ષો **થયાં** ઉદ્ભવેલા સંકલ્પોનો અમલ અધિષ્ઠાયકદેવની કૃપાથી નિર્વિઘ્નપણે પૂર્ણ થઇ ગયો છે.

**૫:**—પૂ. શ્રી. **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજના પ્રેરણાબળથી શ્રીમહાવીર **જૈન** વિદ્યાલયમાં પ્રતિષ્ઠા ગતવર્ષમાં કરવામાં આવી હતી, તે પ્રસંગે તેઓશ્રી તરફથી 'પ્રતિષ્ઠા **અને** તેનું રહસ્ય' સંબંધી મનનીય પ્રવચન કરવામાં આવ્યું હતું જે અતિશય **રસિક** અને બોધપ્રદ હતું. ' તદુપરાંત પુનામાં **જૈન** સાહિત્યમંદિર ન્યા. **ન્યાયવિજયજી** મહારાજની **પ્રેરણાથી** ખોલવામાં આવેલ છે. આ સંસ્થા વિદ્વાન અને અભ્યાસી વર્ગને સુલભ કરી દેવાના હેતુથી ઉત્પન્ન કરી છે. ન્યાય અને દર્શનશાસ્ત્રોનું સંસ્કૃત અને માગધી ભાષાદ્વારા તુલનાત્મક શિક્ષણ ( comparative study ) ની યોજનાપૂર્વક છે, તે **સાથે જૈન સાહિત્યનું સંશોધન** કાર્ય પણ આ સંસ્થા **સાથે સંકલિત** છે એ અભિનંદન લેવા જેવું છે.

**૬:**—ઓલ ઇંડીઆ યંગમેન્સ સોસાયટીનું તૃતીય સંમેલન ગત વર્ષમાં મુંબઇમાં થયું હતું, પરંતુ જૈન કોન્ફરન્સ અને સોસાઇટી વચ્ચે સંપ કરાવવાની ઐક્ય ભૂમિકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૈયાર કરવી જોઇએ તે માટે કાંઇપણ પ્રયત્ન કરવામાં આવ્યો નથી તે ખેદજનક વિષય છે. ઉભયપક્ષની એકતા થયા વગર જૈન શાસનનો ઝંડો વિશ્વના મેદાનમાં અખંડપણે ફરકાવી શકાય તેમ નથી.

**૭:—સામાજીક દૃષ્ટિએ** કવેટાનો ધરતીકંપ એ ગતવર્ષની પ્રચંડ આફત હતી. કવેટા શહેરનો નાશ થતાં સુમારે છપ્પન હજાર મનુષ્યોનો સંહાર અને કરોડો રૂપીઆની મીલ્કતનું નુકશાન થયું હતું. બિહારના ધરતીકંપને ભૂલાવે તેવો પ્રચંડ સંહાર હતો. મનુષ્યોના સામુદાયિક પાપોનું આ ફળ હતું. તે પ્રસંગે દયાળુ મનુષ્યોએ તન-મન-ધનની સહાયો આપી હતી. આવા પ્રસંગોએ સત્કાર્યો કરવાથી પુણ્યનો સંચય એકત્ર થવાથી આવી ભયંકર ઘટનાઓ બનવા પામતી નથી.

**દિલગીરીની નોંધ:—**

ગતવર્ષમાં પૂ. આચાર્ય મહારાજ શ્રી **વલ્લભવિજયજી** મહારાજના શિષ્ય. શ્રી **સાગરવિજયજી** મહારાજ તથા મુ. શ્રી. **લબ્ધિવિજયજી** મહારાજ વિગેરે સદ્ગુરુઓના સ્વર્ગવાસની તથા આ સભાના અંગભૂત સભાસદો સંઘવી **વેલચંદ ધનજી**, વહોરા **નરોત્તમદાસ હરખચંદ**, વારૈયા **ધરમસી હરજીભાઇ** અને ઝવેરી **મુળચંદ ચત્રભુજ** વિગેરેના અવસાનની સ્મરણાંજલિ સાથે દિલગીરી પુરઃસર નોંધ લેવામાં આવે છે.

**લેખદર્શન:—**

પ્રસ્તુત માસિક ગત વર્ષમાં ગદ્ય અને પદ્ય લેખો મળીને લગભગ ૫૧ લેખો આપેલા છે, તેમાં ૧૭ પદ્ય લેખો છે અને ૩૪ ગદ્ય લેખો છે. પદ્ય લેખોમાં લગભગ આઠ લેખો સંઘવી **વેલચંદ ધનજીના** છે, જેમની બોધક કવિતાઓ હૃદયવીણા અને ઝુલતી નૌકા વિગેરે પોતાના અવસાનના ભાવોને પ્રતિબંબિત કરતી દેખાય છે. ગતવર્ષમાં તેમનું અવસાન થયું છે, જેથી તેમને સ્મરણાંજલિ અર્પીએ છીએ અને હવે પછી તેમની કવિતાની પ્રસાદી પ્રસ્તુત માસિકના વાંચકોને મળવાની નથી તેની ખેદ સહિત નોંધ લઇએ છીએ. રા. **ભગવાનદાસ મનઃસુખભાઇ** મહેતાના અભિમાન ત્યાગ વિગેરે ત્રણ કાવ્યો સરળ ભાષાવાળા હોઇ સુંદર અને લાલિત્યમય છે. રા૦ **બાબુલાલ પાનાચંદના** પરમાર્થ અને નેમિનમન વિગેરે ચાર કાવ્યો વિદ્યાર્થીઓને પણ સરળતાથી બોધપ્રદતા અર્પી શકે તેવી શૈલીવાળા છે. આ ઉપરાંત રા૦ **રાજપાળ મગનલાલ** વહોરાનું ગુરૂ ગુણ સ્તુતિ અને મુનિ **બાલચંદજીનું** જિનેંદ્ર સ્તવન કાવ્ય અલંકારબદ્ધ ભાષામાં ગ્રથિત થયેલ છે. ગદ્ય લેખોમાં રા. **સુશીલના** પ્રતિબિંબ, શ્રવણ અને સંસ્મરણના વિગેરે વીશ લેખો પ્રાચીનતાનો પ્રકાશ પાડનાર અને સંસ્કારી છે ઉચ્ચ શૈલીથી લખાયેલા છે. રા૦ **સુશીલની** લેખિની બંગાળ સાહિત્યની કસોટી ઉપર કસાયલી છે. જૈનસમાજમાં તેઓ પ્રતિભાશાળી લેખક છે. સત્યજ્ઞાનના રહસ્યના બાર લેખોમાં Key of Knowledge કે જે ઇંગ્રેજીમાં **બાબુ શ્રી ચંપતરાય જૈની બાર-એટ-લૉ** એ બહુજ વિદ્વતાપૂર્ણ બહાર પાડેલો છે તેનો અનુવાદ ક્રમશઃ આપવામાં આવેલો છે, જેમાં નક્કર તત્વજ્ઞાન ભરેલું છે. મુનિ શ્રી **દર્શનવિજયજી** મહારાજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારી પૂર્વદેશની યાત્રાના છ લેખોમાં વિહાર દરમીઆન ઐતિહાસિક અને પ્રાચીન હકીકતોનું તેમનું સૂક્ષ્મ નિરીક્ષણ રજુ થાય છે. મુનિ શ્રી **હિમાંશુવિજયજી** મહારાજનો આજનું સ્ત્રી શિક્ષણનો લેખ સ્ત્રી જગત્ માટે અતિ ઉપયોગી અને શિક્ષણીય છે. સન્મિત્ર મુનિરાજ શ્રી **કપૂરવિજયજી**મહારાજના વિશ્વવ્યાપી જૈન દર્શન તથા સુભાષિત સંગ્રહ વિગેરે પાંચ લેખોએ પ્રસ્તુત માસિકને મુનિપ્રસાદીથી અલંકૃત કરેલું છે અને સરલ શૈલીથી વૈરાગ્યમય શિક્ષણ પ્રબંધની પૂર્તિ કરેલી છે. **રા૦ મોહનલાલ દલીચંદ દેસાઇનો** અલ્લુકૃત ભાવનાનો લેખ એક અન્ય દર્શનીની જૈનદર્શન અને વૈરાગ્ય તરફની ભાવનાનો દ્યોતક છે. મી **હર્બર્ટ વોરનનો** જૈન ધર્મના સિદ્ધાંતોનું વિધાનનો લેખ ઇંગ્રેજી ભાષામાં હતો તેનું ભાષાંતર આપવામાં આવેલું છે. રા૦ **ચોકસીના** સ્વાધ્યાય અને સંયમ વિગેરે ચાર લેખો આધ્યાત્મિક જીવન અને આરોગ્ય માટે ઉપયોગી છે. આ સભાના સેક્રેટરી ભાઇ **વલ્લભદાસ ત્રિભોવનદાસ** ગાંધીના ચિંતન, ઉપવાસ અને શ્રાવકાચારના લેખો તત્વજ્ઞાન અને સદાચારને અંગે ઠીક પ્રકાશ પાડે છે. મારવાડમાં કેળવણી વિષયક જૈનોની પરિસ્થિતિનો તેમનો લેખ તેમની યાત્રાના પ્રવાસ દરમીઆનની તેમના અનુભવની હકીકતથી રજુ થયેલો છે, જે મનનીય છે. હિંદુસ્તાનમાં જૈનોની વસ્તીવિષયક દશાના સાત લેખો **રા૦ નરોત્તમ બી. શાહના** છે. આ બાબતમાં તેઓ વારંવાર રસ લેતા આવ્યા છે. **રા૦ ધીરકુમારનો** સક્રિય જ્ઞાનનો લેખ જ્ઞાનક્રિયાના રહસ્યનું ઠીક ભાન આપે છે. તદુપરાંત નૂતનવર્ષનું મંગલમય વિધાન માસિક કમીટી તરફથી આપવામાં આવેલું છે અને સ્વીકાર અને સમાલોચનાના ચાર લેખો તથા વર્તમાન સમાચારના બે લેખો રા૦ સેક્રેટરીના છે. મુખપૃષ્ઠ ઉપર શ્રી ઉપમિતિભવપ્રપંચા કથાકારનો નિષ્પક્ષ દૃષ્ટિવાળો નમસ્કારાત્મક અનુષ્ટુપ શ્લોક છે.

**ભાવના—**

પ્રસ્તુત નવીન વર્ષમાં ધર્મજીવનમાં બળની પ્રગતિ થાય તેવી સુંદર શૈલીથી લેખો આપવા ઇચ્છા રાખેલી છે દેવ ગુરુ અને ધર્મની શ્રદ્ધા અને કેળવણીના પ્રગતિ વિશેષ પ્રમાણમાં પ્રકટી આત્માનુભવની ઝાંખી થાય તેવા હેતુપુરઃસર નવીન વર્ષમાં લેખો આવશે; આ અમારી ભાવનાની સફળતા સાક્ષર લેખકો ઉપર નિર્ભર છે. પ્રાંતે પૂજ્ય મુનિશ્રી, લેખકો તેમજ સાક્ષર ગૃહસ્થ લેખકોનો પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે આભાર માનીએ છીએ તેમજ નવીન વર્ષમાં અમારી ભાવનાઓને ( Noble aspirations ) વિશેષ બળ મળે તેવી વિચાર-પ્રણાલિકાને લંબાવી જૈન સમાજને વિશેષ ઉપયોગી લેખો આપવા સાદર નિમંત્રીએ છીએ.

કેટલાક અટપટા સંજોગો વચ્ચે આ સભાની સ્થાપનાને ઓગણચાળીશ વર્ષો થઇ ગયા છતાં રૌપ્ય મહોત્સવ ઉજવવાનો સભાએ ઠરાવ કરેલ હોવા છતાં ઉજવી શકાયો નથી; પરંતુ સભાના કાર્યવાહકોને આ હકીકત વહેલી તકે પુનઃ લક્ષ્યમાં લેવા સૂચવીએ છીએ કે જેથી ગુરુભક્તિ, જ્ઞાનોદ્ધાર, સાહિત્ય પ્રચાર અને સમાજસેવા વિગેરેનો સંપૂર્ણ હેવાલ તે નિમિત્તે પ્રકટ કરવાનું બને. વિવિધ સાહિત્ય પ્રચાર એ સભાનો ઉદ્દેશ ચાલુ રહેલ છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




એટલા જ માટે સીરીઝના ગ્રંથોની યોજના સભાએ કરેલ છે. **વસુદેવહિંડી** જેવા પ્રાચીનતમ કથાનુયોગના ગ્રંથના બે ભાગનું પ્રકાશન, સ્ત્રીઉપયોગી સીરીઝની યોજના, **બૃહત્કલ્પસૂત્ર**-છેદ સૂત્રગ્રંથનો પ્રથમ વિભાગ, ચાર કર્મગ્રંથો વિગેરે ગ્રંથો છપાયા છે, પાંચમો-છઠ્ઠો કર્મગ્રંથ છપાય છે. સિવાય **આત્માનંદ શતાબ્દિ** સીરીઝના ચાર ગ્રંથોનું પ્રકાશન થઈ ચૂક્યું છે. શતાબ્દિના સ્મારકરૂપે અન્ય ગ્રંથોનું પ્રકાશન તૈયાર થાય છે. આ શતાબ્દિ સ્મારકનીસીરીઝના ગ્રંથોનું પ્રકાશનકાર્ય આ સભાને સુપ્રત થયેલ હોવાથી તે માટે અમારો આનંદ વ્યક્ત કરીયે છીયે.

**અંતિમ પ્રાર્થના—**

આપણું જીવન કોઇ મહાન અર્થથી ભરેલું છે. આપણા ભાગે જે કાંઇ કાર્યનો હિસ્સો આવેલો છે તે બજાવી લેવામાં મહાન્ યોજના પૂર્ણ થવાનો કોઇ પરમ કલ્યાણકર સંકેત સમાએલો છે. આપણી અલ્પમતિમાં આપણું વર્તમાન કાર્ય અન્યને સોંપડેલ કાર્યોના મુકાબલે ગમે તેટલું તુચ્છ જણાતું હોય છતાં અનંત જ્ઞાનયુક્ત જ્ઞાનીઓની દૃષ્ટિને તે તેવું ભાસતું હોતું નથી, તેથી જ આપણે અંતરાત્મ સ્વરૂપ થઇ પરમાત્મસ્વરૂપ તરફ પ્રગતિ કરવાની છે. આ પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાની કળા પ્રત્યેક વાચક પ્રાપ્ત કરે-એ આશાસાથે ઉપસંહારમાં તેત્રીશમા વર્ષમાં દેવલોકના સ્વામી ઇંદ્રોના ગુરૂસ્થાને વર્તતા **ત્રાયસ્ત્રિંશત્** ( ૩૩ ) અધિષ્ઠાયક દેવોનું મંગલમય સ્મરણ કરી નવીન વર્ષમાં તે ગુરૂદેવો પ્રસ્તુત પત્રના વાંચકોના જીવનમાં રસપૂર્તિ કરે, નેત્રોમાં જ્ઞાનજ્યોતિ ભરે, બુદ્ધિમાં વિવેક પૂરે, હૃદયમાં શ્રદ્ધાનો ભંડાર ભરે, સમસ્તજીવનની પરમાત્મા સાથે અભેદ એક્તા ( absorption ) કરાવે અને મૂર્તિમાન્ આનંદ ઉત્પન્ન કરી નવચેતના પ્રકટાવે એ માંગલિક પ્રાર્થના સાથે શિવમાર્ગના વિસામારૂપ ૩૩ સાગરોપમના આયુષ્યવાળા **સર્વાર્થસિદ્ધ** વિમાનથી ચ્યવી આદિ તીર્થંકરપદ પ્રાપ્ત કરેલા શ્રી **ઋષભદેવપ્રભુ** પ્રતિ નીચેનો સ્તુતિ-શ્લોક સાદર કરી વિરમીએ છીએ.

**श्रीनाभेयः स वो देयादमेयाः परमा रमाः ।**
**यन्नामध्यानतः सर्वाः सिद्धयः स्युः स्वयंवराः ॥**

**ॐ शांतिः शांतिः शांतिः**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રવણ અને સંભારણ

**આઠ પ્રકારના પક્ષી: આઠ પ્રકારના ગુરૂ—**

ગુરૂના પ્રભાવ અને ગુરૂભક્તિનાં ફળ વિષે સર્વ શાસ્ત્રો પ્રાયઃ એકમત છે. 'ગુરૂ વિના જ્ઞાન ન હોય' એ કથન એક યા બીજી રીતે સર્વ દેશમાં, સર્વ સાહિત્યમાં ઉતર્યું છે. यस्य देवे पराभक्तिः यथा देवे तथा गुरौ--એ પ્રકારનાં શ્રુતિવચનો, પ્રભુભક્તિ અને ગુરૂભક્તિને લગભગ એક જ કોટીમાં મૂકે છે. કોઇ કોઈ વાર, ભક્તિમાર્ગમાં તો ગુરૂને ઈશ્વરના પ્રતિનિધિસ્વરૂપ પણ વર્ણવ્યા છે.

સતગુરૂની પ્રાપ્તિ, એમનો સત્સંગ, એમનો ઉપદેશ એ બધું કોઇ પુણ્યશાળીને જ સાંપડે. સતગુરૂને વિષે શ્રદ્ધા અને એમણે દર્શાવેલા માર્ગમાં ક્રિયાભિરૂચિ એ બહુ કઠિન વાત છે.

સામાન્ય ભક્તજન ગુરૂની પાત્રતા ભાગ્યે જ પરખી શકે છે. વેષ અથવા સંપ્રદાયનાં બાહ્ય ચિન્હો જ આજે તો ગુરૂનાં અનિવાર્ય લક્ષણો બની ગયાં છે. સ્વ. શ્રી આત્મારામજી મહારાજ, સામાન્ય જનસમૂહના બોધને અર્થે વિવિધ પ્રકારના ગુરૂઓનાં સ્વરૂપ વર્ણવે છેઃ આઠ પ્રકારના પંખી સાથે આઠ પ્રકારના ગુરૂઓને સરખાવે છે. સામાન્ય જિજ્ઞાસુ પણ એમાંથી ઘણો બોધ મેળવી શકશેઃ સ્વાર્થી કે દંભી ગુરૂના પાશમાંથી પણ બચી જશે.

( ૧ ) નીલ ચાસ પક્ષી ઘણું સુંદર હોય છે, લોકો એના શુભ શુકન લે છે; પણ એ રૂપે જેટલું સુંદર છે તેટલું જ શબ્દમાં અને વહેવારમાં કઠોર છે. એનાં વચન કાનને નથી ગમતા તેમ તે કીડાઓનું ભક્ષણ કરે છે.

કેટલાક ગુરૂ, સુવિહિત સાધુનો વેષ સજે છે, પણ અશુદ્ધ પ્રરૂપણા કરતા હોવાથી અને અસંયમી તથા પ્રમાદી હોવાથી તેમને નીલ ચાસની સાથે સરખાવી શકાય.

( ૨ ) ક્રૌંચ પક્ષીઃ એ નથી સુંદર, નથી શુદ્ધ આહારી ( એટલે કીડાનું ભક્ષણ કરે છે ) પણ એનો ધ્વનિ સુંદર હોય છે. કેટલાક ગુરૂમાં વેષનો અભાવ હોય છે, મહાવ્રત પાળવામાં પણ અશક્ત હોય છે, પરન્તુ એમની પ્રરૂપણા શુદ્ધ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ ) ભ્રમરઃ એ નથી સુંદર, નથી હોતો મધુર સ્વરઃ પણુ એની ક્રિયા–પૂળોને કંઇ પીડા કર્યા વિના મધુસંચય કરવાની કળા–સરસ છે. ગુરૂ-ઓમાં કેટલાક વેષવાળા નથી હોતા–ઉપદેશક પણુ નથી હોતા; પરંતુ ક્રિયા ઠીક હોય છે.

( ૪ ) મોરઃ મયૂર દેખાવે ખૂબ સુંદર છે, એની કેકા પણુ મધુર છે; પરંતુ તે સર્પ આદિનું ભક્ષણુ કરે છે. ગુરૂઓમાં પણુ કેટલાક વેષધારી અને સારા ઉપદેશક હોય છે, પણુ એમની ક્રિયા શુદ્ધ નથી હોતી.

( ૫ ) કોકીલઃ એનો કંઠ અતિ મધુર છે, એ આમ્રમંજરીનો આહાર કરે છે; પરંતુ એ કાગડાથી પણુ અધિક કાળી હોય છે. ગુરૂઓમાં પણુ કેટ-લાકની ક્રિયા, ઉપદેશ બરાબર હોય છે; માત્ર વેશ નથી હોતો.

( ૬ ) હંસઃ એ સુરૂપ હોય છે, કમળ–નાળનો એનો આહાર પણુ શુદ્ધ છે, પરંતુ એનામાં મધુર સ્વર નથી હોતો. કેટલાક ગુરૂમાં વેષ તથા ક્રિયા હોય છે, પણુ ઉપદેશ નથી હોતો–અનધિકારી હોવાથી ઉપદેશ આપી શકતા નથી.

( ૭ ) પોપટઃ કેળવાયેલો પોપટ અહીં લેવાનો છે. એ રૂપે રમણીય હોય છે, પક્વ પૂળાદિ ગ્રહણુ કરતો હોવાથી એની ક્રિયા પણ શુદ્ધ છે અને એનાં વચનો પણુ કર્ણપ્રિય હોય છે. ગુરૂઓમાં આવા ત્રણે ગુણુવાળા પુરૂષ પુણ્યયોગે જ મળે.

( ૮ ) કાગડોઃ એનામાં નથી રૂપ, નથી શબ્દમાધુર્ય કે નથી ક્રિયાશુદ્ધિ, રંગે કાળો હોય છે, અવાજે કર્કશ હોય છે અને માંસ–મળાદિ આરોગતો હોવાથી અપવિત્ર પણુ છે. એ રીતે કેટલાક ગુરૂઓ ઉપદેશ, ક્રિયા અને રૂપે કરીને ત્યાજ્ય ગણાય છે.

## જૈન સાહિત્યનો પ્રભાવ—

હિંદુસ્તાનના સાહિત્યનો ઇતિહાસ ( A History of Indian Literarure ) એ નામનું એક પુસ્તક હાલમાં મી. હર્બર્ટ ગાઉને પ્રસિદ્ધ કર્યું છે. ટૂંકામાં પણુ વ્યાપક શૈલીએ એમણે હિંદુસ્તાનના પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસનો ઠીક ઠીક પરિચય આપ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દક્ષિણ પ્રદેશમાં જૈન સાહિત્યનો કેટલો પ્રભાવ હતો તે તેમણે એક-બે પાનામાં બહુ સરસ રીતે વર્ણવ્યું છે. એ હકીકત કેટલાકોને માટે કદાચ તદ્દન નવીન જેવી પણ જણાશે.

ભારતમાં ભારે દુકાળ પડવાથી આઠેક હજાર જેટલા જૈન મુનિઓ દક્ષિણ તરફ ગયા. એ વખતે ત્યાં એક પાંડ્ય રાજા રાજ્ય કરતો હતો. પ્રત્યેક મુનિએ એક એક શ્લોક લખી રાજાને અર્પણ કર્યો. પાંડ્ય રાજાને એક શ્લોક માત્રથી સંતોષ ન થયો. તેણે પેલા આઠ હજાર શ્લોકો પાણીના વહેતા પ્રવાહમાં નાખી દીધા.

આશ્ચર્યની વાત એ બની કે આઠ હજારમાંના ચારસો શ્લોક પાણીમાં ભીંજાયા વિના સામે કિનારે પહોંચ્યા. એ શ્લોકો આજે પણ હૈયાત છે અને એમાં રહેલા કલ્પનાવૈભવની બધા પંડિતો એક અવાજે સ્તુતિ કરે છે. પોપ નામના એક ગૃહસ્થે એનો અંગ્રેજી અનુવાદ પણ તૈયાર કરી બ્હાર પાડ્યો છે. "નલાદીયર" એ પુસ્તકનું નામ છે.

વાનકી જેવો એક શ્લોકાર્થ આ રહ્યો:

સમુદ્રમાં સ્નાન કરવા કેટલાક સજ્જનો દરીયા કિનારે ગયા. સાગર ગર્જતો હતો-કિનારા સાથે અથડાઈ એના મોજાં પાછાં વળતાં હતાં. અનામી સંગીત જામ્યું હતું.

એકે કહ્યું: "ઉભા રહો, ઉતાવળ કરશો મા. આ કોલાહલ શાંત થવા દ્યો. પછી આપણે દરિયામાં ઉતરી સ્નાન કરી લઈશું."

એ જ પ્રમાણે કેટલાકો પોતાનું આત્મશ્રેય સાધવા વાંછે છે ખરા, પણ કહે છે: "ઉભા રહો: સંસારનાં બધાં કામકાજ પતાવી નાખવા દ્યો-નિરાંતે-અંતે પુણ્ય કે પરોપકારનાં કામ કરી લઇશું."

દરિયો શાંત થવાનો નથી અને સંસારનાં કામકાજ પણ કદિ ખૂટવાનાં નથી.

× × ×

માનનીય શ્રી ચિંતામણ વિનાયક વૈદ્યે, પોતાના મધ્યકાલીન ઇતિહાસ-(ભાગ ત્રીજા) માં, જૈનધર્મના પ્રચાર માટે, જૈન મુનિઓએ કેટલી ધીરજ અને સહિષ્ણુતા દાખવી હતી તેનો નિર્દેશ કર્યો છે. ઉત્તર હિંદમાં જૈન-શાસનના મૂળ ઊંડા ઉતરી ચૂકયા હતા. આંધ્ર, તામીલ અને કર્ણાટકમાં હજી તો ખેતી જ ચાલતી હતી. જૈન મુનિઓએ, શ્રમણસંસ્કૃતિના પ્રચાર તથા વિકાસ માટે કેટલી જહેમત લીધી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધ્યાત્મિક જીવન—

## આધ્યાત્મિકતા શું છે?

અનુ૦—અભ્યાસી.

આજકાલ આધ્યાત્મિક જીવનના સંબંધમાં અનેક માણસો અનેક જાતની ભ્રાન્ત ધારણાઓ કરે છે એનું એક કારણ તો એ છે કે આધુનિક મનોભાવ ( Modern mentality ) પાશ્ચાત્ય શિક્ષણદ્વારા ગઠિત થઈ ગયેલ છે. પાશ્ચાત્ય દેશોમાં આધ્યાત્મિક જીવન સંબંધી જે વિચિત્ર ધારણાઓ વર્તી રહેલી છે તે બધી આપણા શિક્ષિત સમાજમાં ઘર કરી બેઠી છે. બીજી બાજુ, આપણા દેશમાં જે લોકોએ પાશ્ચાત્ય શિક્ષણ નથી લીધું હોતું, અથવા જેની ઉપર તે શિક્ષણનો પ્રભાવ નથી પડયો હોતો તે લોકોએ પણ મોટે ભાગે ધર્મ

---

સૌ પ્રથમ તો તેમણે દેશની ભાષાઓનો અભ્યાસ કર્યો અને એ જ ભાષામાં એમણે સાહિત્ય રચ્યું. આ સાહિત્યના પ્રભાવે સામાન્ય જનતા જૈનધર્મ તરફ આકર્ષાઈ.

મુનિઓને એટલેથી સંતોષ ન થયો. એમને તો હરકોઇ પ્રકારે અજ્ઞાનતા દૂર કરવી હતી, લોકસમુદાયને ધાર્મિકતાના સંસ્કારવડે સંસ્કારી બનાવવો હતો. હજી, એમને પોતાનાં ત્યાગ કે વૈરાગ્યનું અભિમાન અણુસ્પર્શ્યું રહ્યું હતું.

રા. વૈદ્ય કહે છે: They again appear to have started Schools for Children: as strangely enough we find in Andhra, Tamil, and Karnataka and even in Maharashtra, that the first sentence taught to children in writing Varnamala is still the Jain salutation. " ૐ નમો સિદ્ધાણં "—

એટલે કે જૈન મુનિઓએ બાળકોને માટે શાળાઓ ઉઘાડી અને વર્ણમાળાના જ્ઞાન સાથે " નમો સિદ્ધાણં " નો પાઠ એમણે ઘેરે ઘેર પહોંચાડ્યો, જે પાઠ આજે પણ જળવાઈ રહ્યો છે. શૈવોએ અને બીજા ધર્માનુયાયીઓએ " નમઃ શિવાય–ગણેશાય નમઃ " જેવા પાઠોના પ્રચાર માટે ઘણા ઘણા પ્રયત્ન કર્યા, પરંતુ નમઃ સિદ્ધાય, સિદ્ધિરસ્તુ–ઈત્યાદિ આજે વ્યવહરાતા પાઠોમાં જૈનધર્મના પ્રચારની–જૈનધર્મના પ્રભાવની અસર બરાબર અંકાયેલી દેખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધી જેટલા ગતાનુગતિક બાહ્ય આચાર-વ્યવહાર છે તેને આધ્યાત્મિક જીવનના મૂલતત્ત્વ માની લીધા છે. ભારતવર્ષમાં આધ્યાત્મિક જીવનના નામે પ્રચલિત થયેલ ઘોર તામસિકતા વિરૂદ્ધ સ્વામી વિવેકાનંદે જે આજીવન સંગ્રામ કર્યું તેને આપણા દેશના શિક્ષિત સમાજમાં ખૂબ જ સત્કાર મળ્યો છે. પરંતુ તેઓશ્રીની આધ્યાત્મિકતા કયી વસ્તુમાં રહેલી છે, તેમની જીવન સંબંધી નિગૂઢ શિક્ષા શું છે ? એ વાત અત્યાર સુધી પણ લોકોની સમજમાં બરાબર નથી આવી. એ વાતમાં જરાપણ સંદેહ નથી કે સેવાશ્રમ સ્થાપીને તમોગ્રસ્ત ભારતમાં તેઓશ્રી એક નવિન યુગની સૂચના કરી ગયા છે, પરંતુ સંસારમાં સેવાશ્રમોની કયાં ખોટ છે ? એ કાર્યમાં ભારતવર્ષ અત્યારે પણ જડવાદી પાશ્ચાત્ય દેશોની ઘણો જ પાછળ છે. જો કે એક વખતે બૌદ્ધસંઘોદ્વારા ભારતવર્ષે જ સંસારને સેવાધર્મની દીક્ષા આપી હતી. આજકાલ જેટલા ક્રીશ્ચીયન મીશનો સંસારભરમાં સેવાકાર્ય કરી રહેલ છે તે પ્રાચીન બૌદ્ધ મિશનની પ્રતિચ્છાયા છે. દરિદ્રનારાયણની સેવા, પીડિતોની શુશ્રૂષા, દેશનું કલ્યાણસાધન, સંસારનું કલ્યાણસાધન-એ બધા અત્યંત મહાન કાર્યો છે, એ બધાથી આપણા શરીર તથા મનની શક્તિ ખીલે છે, હૃદય વિશાળ બને છે, આપણે સાંકડી સ્વાર્થપરાયણતા છોડીને સામ્ય તેમજ મૈત્રીનો ભાવ પ્રાપ્ત કરીએ છીએ; પરંતુ આધ્યાત્મિક જીવન એટલું જ નથી. એ સર્વ બાબતોતો ઉપકરણ માત્ર છે, જેને લઇને માણસ આધ્યાત્મિક જીવન માટે એક પગલું આગળ વધી શકે છે. આધ્યાત્મિક જીવનની મૂળ વાત તો આપણા દેહ, પ્રાણ, મન તથા બુદ્ધિથી પર જે આત્મા છે તેમાં છે. જે આત્માવડે આપણે ઈશ્વરની સાથે એક થઈએ છીએ તે આત્માને જાણવો, તે આત્માની શક્તિ અને જ્યોતિદ્વારા દેહ, પ્રાણ તથા મનને એવી રીતે શુદ્ધ કરવા કે જ્ઞાન, શક્તિ અને આનંદથી સઘળું પરિપૂર્ણ થઇ જાય-એ જ આધ્યાત્મિક જીવનની મૂળ વાત છે. એ આત્માને મન-બુદ્ધિના તર્કવડે નથી જાણી શકાતો; અવિશ્રાંત કર્મદ્વારા પણ નથી પ્રાપ્ત કરી શકાતો. શ્રી રામકૃષ્ણે કહ્યું છે કે ' જ્યાં સુધી મનનીદ્વારા વિચાર કરવામાં આવે છે ત્યાં સુધી નિત્યની પાસે નથી પહોંચી શકાતું. જ્યારે વિચાર બંધ થઇ જાય છે ત્યારે સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ મનદ્વારા આત્માને નથી જાણી શકાતો આત્માદ્વારા જ આત્માને જાણી શકાય છે. ' પરંતુ આપણે તો પાશ્ચાત્ય શિક્ષણના પ્રભાવથી એટલું જ શીખ્યા છીએ કે મન-બુદ્ધિદ્વારા જ અમે લોકો સઘળું જોઈ શકશું, સમજી શકશું. પાશ્ચાત્ય મત પ્રમાણે આધ્યાત્મિકતા મન-બુદ્ધિની એક ઉચ્ચતર, સૂક્ષ્મતર ક્રિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિવાય બીજું કશું નથી. આપણા દેશના ઘણા લોકો પણ આજકાલ આને જ આધ્યાત્મિકતા સમજે છે. શ્રી રામકૃષ્ણનું દૃષ્ટાંત અને તેમના ઉપદેશ દેશની સામે હોવા છતાં પણ લોકો પોતાનાં મનમાં આધ્યાત્મિકતાના વિષયમાં આવી ભ્રાંત ધારણાનું પોષણ કરી રહ્યા છે તે અતિ આશ્ચર્યની વાત છે.

મનુષ્ય બુદ્ધિજીવી પ્રાણી ( rational creature ) છે. તેની મન-બુદ્ધિ જ તેની વિશેષતા છે. જે પશુઓમાં નથી તેજ તેનું મનુષ્યત્વ છે. મન-બુદ્ધિના યુક્તિ-તર્ક ત્યાજ્ય નથી કારણ કે એ યુક્તિ-તર્કની સહાયતાથી આધુનિક વિજ્ઞાને જે જે વાતો શોધી કાઢી છે અને હજુ પણ શોધી રહેલ છે તેનાથી મનુષ્યના અશેષ કલ્યાણનો માર્ગ ઉન્મુક્ત થઇ ગયો છે, પરંતુ તે સાથે તે વિજ્ઞાનની ચમક દમકથી આપણી આંખો થોડી ઘણી અંધ પણ થઇ ગઇ છે. જે વખતે જગતમાં એ મહાન્ સત્ય સંપૂર્ણ રૂપે ભૂલાઇ ગયું હતું કે મનુષ્ય મનુષ્યત્વ છોડીને દેવત્વ પણ મેળવી શકે છે, મન-બુદ્ધિને આત્માની દિવ્ય જ્યોતિની અંદર પણ પ્રતિષ્ઠિત કરી શકાય છે અને કેવળ એ રીતે માનવજાતિ, માનવસમાજની પ્રાચીન કાળથી ચાલી આવતી બધી સમસ્યાઓનું પૂર્ણ સમાધાન કરી શકાય છે. એ સન્ધિના સમયે સંસારને વાસ્તવિક કલ્યાણનો માર્ગ દેખાડવા ખાતર શ્રી રામકૃષ્ણનો બંગાળમાં આવિર્ભાવ થયો. આપણે તેમની વાણી ગ્રહણ નહી કરીએ તો આપણા માટે તેમજ આખા જગત્‌ને માટે દુર્ભાગ્યની વાત ગણાશે; કારણ કે મન-બુદ્ધિની ચેષ્ટાદ્વારા, અવિશ્રાન્ત કર્મતત્પરતાદ્વારા માણસ કેટલે દૂર શું કરી શકે છે તેની છેલ્લી હદ દેખાડીને આજે પાશ્ચાત્ય જગત્ એકદમ દીવાળીયું બની ગયેલ છે. સંસારભરમાં આજે જે સંકટ (crisis), જે વિકટ સમસ્યા ઉપસ્થિત થયેલ છે તેનું વાસ્તવિક નિવારણ, વાસ્તવિક સમાધાન કોઇને નથી મળ્યું; તેથી આજે જડવાડી પાશ્ચાત્ય જગત્ સમક્ષ પોતાના સ્વરમાં ઘોષણા કરી રહેલ છે કે " To have peace we must undergo something like a spiritual revolution" અર્થાત્ શાંતિ ત્યારે જ થઇ શકશે કે જ્યારે કોઇ મહાન આધ્યાત્મિક ક્રાન્તિ થઈ જાય." એ યુગોપયોગી આધ્યાત્મિકતાના નિગૂઢ તત્ત્વ સમજાવવા માટે શ્રી રામકૃષ્ણનો આવિર્ભાવ થયો હતો. સ્વામી વિવેકાનંદના સંબંધમાં તેઓ કહ્યા કરતા હતા કે-' પોતાની અપૂર્વ શક્તિઓને આધ્યાત્મિક યોગમાં ન લગાડવાની સ્થિતિમાં નરેન્દ્ર ( વિવેકાનંદનું પૂર્વાશ્રમનામ ) બીજા સઘળા નેતાઓની માફક એક નવીન મત તથા એક નવીન દલની રચનામાત્ર કરીને સંસારમાં પ્રસિદ્ધિ મેળવશે, પરંતુ વર્તમાનયુગની જરૂરીયાત પૂરી પાડવા માટે જે ઉદાર આધ્યાત્મિક તત્ત્વની ઉપલબ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પ્રચારની આવશ્યકતા છે તેને પ્રત્યક્ષ કરવાનું અને તેની પ્રતિષ્ઠામાં સહાયતા કરીને જગતનું યથાર્થ કલ્યાણ કરવાનું તેની દ્વારા સંભવિત નથી, કિન્તુ સ્વામી વિવેકાનન્દના કાર્યોનો પૂરો હિસાબ લેવાનો સમય હજુ નથી આવ્યો. હા, વર્તમાન યુગની આવશ્યકતા પૂરી કરવા માટે જે ઉદાર આધ્યાત્મિક તત્ત્વની ઉપલબ્ધિ તથા પ્રચારની જરૂરીયાતની વાત શ્રી રામકૃષ્ણ વારંવાર કહી ગયા છે તેને સારી રીતે સમજવાનો સમય તો જરૂર આવી ગયો છે.

જેવી રીતે આજીવન પૂજાપાઠ, સ્નાન, જપતપ, તીર્થપર્યટન વગેરે કરવા છતાં પણ ભગવાન નથી મળતા, અધ્યાત્મજીવન નથી પ્રાપ્ત થતું તેવી રીતે અવિશ્રાંત દેશહિતકારક, લોકોપકારક કાર્યોમાં મગ્ન રહેવા છતાં પણ અધ્યાત્મતત્ત્વની ઉપલબ્ધિ નથી થતી. દેશ, કાળ, પાત્ર–વિશેષ માટે એ સઘળાનું પ્રયોજન છે, ઉપયોગ છે; પરંતુ મૂળ વસ્તુ પ્રાપ્ત કર્યા વગર એ બધાની અંદર જન્મે જન્મ ચક્કર જ ફરવું પડે છે, એની ઉપર નથી જવાતું. એ મૂળ વસ્તુ છે આત્માનું ઉદ્બોધન.

અહંકારના મોહને છોડીને, વાસનાના બંધનને કાપીને જેઓ અનન્ય ભાવથી કેવળ ભગવાનને જ ચાહે છે, તેઓ યથાસમય ભગવત્સ્પર્શનો લાભ મેળવે છે અને તે સ્પર્શથી જ તેના આત્માનું ઉદ્બોધન થાય છે. એક વખત તે સ્પર્શ જેને મળી જાય છે તેની અંદર અધ્યાત્મસિદ્ધિ સહસ્રદલ કમળની માફક એક પછી એક દલ ખોલીને પોતાની મેળે પ્રસ્ફુટિત થઇ જાય છે. જોઇએ છીએ માત્ર અહંભાવનો ત્યાગ અને અનન્યભાવથી ભગવાનની પ્રાર્થના. ધર્મકર્મની માફક સઘળા કર્મની અંદર આપણું અહં છુપાઇ રહેલું છે તે ગુપ્ત રૂપે રહીને પોતાની જાતને ફેલાવે છે. યાગ, યજ્ઞ, જનસેવા, દેશસેવા વગેરે દ્વારા આપણે યશ, માન, પ્રતિષ્ઠા મેળવવા ઇચ્છીએ છીએ. જ્યારે આપણે દરિદ્ર-નારાયણની સેવા કરીને ગર્વીષ્ટ બનીએ છીએ ત્યારે આપણે સંસારમાં દરિદ્ર-તાને ચિરસ્થાયી કરવા ઇચ્છીએ છીએ. આ અહંભાવથી અત્યંત મહાન ચરિત્ર-શાળી વ્યક્તિ પણ મુક્ત નથી રહી શક્તી. અહંભાવ આત્માને આચ્છાદિત કરી રાખે છે. અહંભાવથી છૂટકારો મેળવવા માટે દૃઢ સંકલ્પની સાથે કઠોર સાધના કરવાની જરૂર છે. આ સંબંધમાં શ્રી રામકૃષ્ણે અત્યંત સ્પષ્ટ શબ્દોમાં નિર્દેશ કર્યો છે–" કહો કે હે ઇશ્વર, મારા વિષય કર્મ ઓછા કરી દ્યો કેમકે હે ભગવાન, હું જોઉં છું કે વધારે કામ કરવાથી હું તમને ભૂલી જાઉં છું. મનમાં સમજું છું કે હું નિષ્કામ કર્મ કરી રહ્યો છું, પરંતુ તે સકામ હોય છે. વ્રત, તપ, દાન વગેરે જેટલા વધારે કરૂં છું તેટલીજ લોકમાન્ય બનવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણનો રચના સંવત્

( લે૦—મુનિ૦ શ્રી **હિમાંશુવિજયજી** મહારાજ )

ગુજરાતના પ્રાચીન રાજવીઓમાં ચૌલુકય રાજવીઓનો નંબર ઉંચો છે, તેમાં પણ વિદ્યા અને વિદ્વાનોના પ્રેમી અને ઉત્તેજક રાજાઓમાં **સિદ્ધરાજ જયસિંહ**નું નામ મોખરે છે. લોકોપયોગી અને પંડિતોપયોગી બધાય વિષયોનું ઉત્તમ સાહિત્ય સર્જી ગુજરાતનું ગૌરવ વધારનાર પ્રાચીન વિદ્વાનોમાં આચાર્યશ્રી **હેમચંદ્ર**નું સ્થાન પણ ઘણું ઉંચું છે, તેથી આ બન્ને ( નૃપતિ અને મુનિપતિ ) જ્યોતિર્ધરોના સંપૂર્ણ સહકારથી તૈયાર થએલ " सिद्धहेमचन्द्रशब्दानुशासन–( व्याकरण ) " નું મૂલ્ય ગુજરાત દેશની દૃષ્ટિએ ઘણું વધી જાય છે. આ વ્યાકરણમાં બન્ને વિશિષ્ટ વિભૂતિઓનાં તેજસ્વી કિરણો પ્રકાશી રહ્યાં છે. એમાં કાંઇ શક નથી કે જ્યાં સુધી આ વ્યાકરણ રહેશે ત્યાં સુધી વ્યાકરણ સાહિત્ય તરીકે ગુજરાતનું ગૌરવ વિસરાશે નહિ. સંસ્કૃત વિગેરે સાત ભાષાઓનું વ્યાકરણ આઠ અધ્યાયવાળા આ પુસ્તકમાં **સરલ અને** સુંદર રીતે બનાવ્યું છે. આ વિષયનો સંપૂર્ણ ગ્રંથ ગુજરાત માટે આ પહેલો જ છે.

વિવિધ દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતા આ ગ્રંથ વિષે દરિયાપારના લોકો વિચાર કરે છે. જર્મન પંડિતો આનાં સુંદર એડિસનો કાઢે છે, અમેરિકા અને લંડનના પંડિતો આ ગ્રંથ અને તેના કર્ત્તાવિષે અનેક પુસ્તકો, નિબંધો લખી ગંભીર ઉહાપોહ કરે છે, ત્યારે ગૂજરાતના સમ્રાટ્ **સિદ્ધરાજ જયસિંહની પ્રાર્થનાથી** ગૂજરાતની પ્રતિષ્ઠા માટે બનેલ પ્રસ્તુત વ્યાકરણ સંબંધી ગુજરાતના સાક્ષરોનું જોઇએ તેવું ધ્યાન ન ખેંચાય, ગંભીર લેખકો આ વિષયને ન સ્પર્શે અને ગુજરાતના સમાલોચકો આ વિષયપરત્વે શોધખોળ કરી સમાલોચનાત્મક વિચાર ન કરે એ ખરેખર ગુજરાત માટે દુઃખ અને ન્યૂનતાનો વિષય છે.

---

ઇચ્છા પ્રબળ બને છે." આગળ કહે છે કે " તમે કહો છો કે કે હું સંસારનું ભલું કરીશ તો સંસાર એટલો નાનો છે ? વળી તમે કોણ છો જે સંસારનું ભલું કરશો. સાધનાવડે ભગવાનનો સાક્ષાત્કાર કરો, તેને પ્રાપ્ત કરો, જ્યારે એ શક્તિ આવશે ત્યારે જ સૌ કોઇનું ભલું કરી શકશો; અન્યથા નહિ." ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાષ્ટ્રકીર્તિને ટકાવવા માટે આ વ્યાકરણ સર્જાયું છે. યૂરોપ, અમેરિકા કે બંગાલાદિ દેશોમાં આવો ગ્રંથ પ્રસ્તુત ઉદ્દેશને લઇને હસ્તિમાં આવ્યો હોત તો તે દેશના વિશેષજ્ઞ સાક્ષર લોકોએ ગ્રંથ અને ગ્રંથકાર વિષે અનેક મહત્ત્વનાં લખાણો કરી પુષ્કળ પ્રકાશ પાડ્યો હોત. અસ્તુ.

**આ** વ્યાકરણ સંબંધી ઘણી શોધખોળો કરવા જેવી છે. તેની **સ્વોપજ્ઞ**-લઘુવૃત્તિ ( હેમાચાર્યની જ બનાવેલ વૃત્તિ ) સહિત પ્રસ્તુત[1] વ્યાકરણને સંશોધિત કરવાનું કાર્ય સદ્ભાગ્યે મને મળ્યું છે. લગભગ ત્રણ વર્ષ જેટલા લાંબા કાળમાં મારી યોગ્યતા મુજબ પ્રયાસ કરી આનું સંપાદન કરતાં આ મૌલિક ગ્રંથ, તેની પદ્ધતિ, તેના કર્ત્તા આદિ વિષે મને અનેક અનુભવો થયા છે. વિવિધ વિચારો ઉપજ્યા છે. તે બધાને રીતસર લખવામાં આવે તો એક ખાસુ પુસ્તક થઈ જાય તેમ છે.

**જે** જે વિષયના મને અનુભવો થયા છે તે જુદા જુદા અનેક લેખોમાં જ લખી શકાય. આ સ્થળે **'પ્રસ્તુત વ્યાકરણ કયા વર્ષમાં અને કેટલા સમયમાં** બન્યું ?' તે પરત્વે લખવાનું મેં નક્કી કર્યું છે.

**જે** વિષયના સંબંધમાં હું અહીં લખવાનો છું તે વિષય ઘણો મહત્ત્વનો છે. આ વ્યાકરણના નિર્માણનો સમય નક્કી થવાથી હેમચન્દ્રાચાર્યના બીજા સાહિત્ય નિર્માણકાળનો પણ ઉકેલ આણી શકાશે, તેમ સિદ્ધરાજના છેલ્લા ઇતિહાસ ઉપર પણ પ્રકાશ પડી શકશે.

**આ** વિષય જેટલો મહત્ત્વનો છે તે કરતાં વધારે ગુંચવણભર્યો પણ છે. ભિન્ન ભિન્ન ગ્રંથોમાં અનેક જાતનાં લખાણો–ઉલ્લેખોથી બુદ્ધિ ચક્કરમાં પડી જાય છે. તેમ કોઇ ગ્રંથમાં આ વ્યાકરણ સંબંધી નિશ્ચયાત્મક સંવત્, માસ કે તારીખ લખેલ મળ્યાં નથી. એટલે ઘણે ભાગે અનુમાન અને આસ-પાસના પ્રસંગોને આધારે કામ લેવું પડશે. હું અહીં જે લખીશ તે બનતાં લગી યુક્તિ અને પ્રમાણોથી લખીશ.

**પ્રસ્તુત** વિષયને સ્પષ્ટ બનાવવા માટે આની સાથે સંબંધ ધરાવનારી ચાર બાબતોનો વિચાર કરવો અગત્યનો છે.

૧ સિદ્ધરાજ જયસિંહે માલવાના રાજા યશોવર્માને કયારે જીત્યો ? અને પાટણમાં પ્રવેશ કયારે કર્યો ?

---

૧ આ ગ્રંથ હમણાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અમદાવાદ તરફથી બહાર પડયો છે. આમાં મેં સાત પરિશિષ્ટો યોજ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ હેમાચાર્યે સિદ્ધહેમચન્દ્ર વ્યાકરણની શરુઆત કયારે કરી ?

૩ પ્રસ્તુત વ્યાકરણનું પરિમાણ કેટલું ? તેના કેટલા ભાગ ને કેટલા સમયમાં કયારે રચ્યો. ?

૪ સિદ્ધરાજે સોમેશ્વર, ગિરનાર અને શત્રુંજયાદિની યાત્રા કયારે કરી ? તેની સાથે હેમાચાર્ય હતા કે નહિ ?

આ ચારે બાબતોનો હવે આપણે ક્રમશઃ વિચાર કરીએ.

## 'સિદ્ધરાજનો વિજય અને પાટણમાં પ્રવેશ.'

લગભગ એક [1]સૈકાથી ગુજરાત અને માળવાના રાજાઓ વચ્ચે વૈમનસ્ય ચાલતું હતું. **મિનળદેવી સોમેશ્વર** યાત્રા કરવા ગઇ હતી. ત્યારબાદ જ્યારે સિ૦ જયસિંહ બીજે સ્થલે ગયો ત્યારે લાગ જોઇને માલવાના રાજા **યશોવર્માએ** ગુજરાત ઉપર ચઢાઇ કરી; પણ બહાદૂર અને કાર્યદક્ષ શાંતુ વિગેરે મંત્રીઓએ ગુજરાતને આંચ આવવા દીધી નહિ.[2] સિદ્ધરાજે તે વાત જાણી. માલવપતિની ઉદ્ધતાઇને તે સાંખી શક્યો નહિ. તે મહાપ્રતાપી હતો અને તેની પાસે સૈન્યબળ પણ બહોળું હતું. સિદ્ધરાજે ચઢાઇ કરી. માલવાની રાજધાની ઉજ્જૈનનગરીને[3] ઘેરી લીધી. ત્યાંથી ધારાનગરીમાં નાસી ગએલ યશોવર્માને પકડી કેદ કરી ત્યાં ( માલવામાં ) પોતાની આજ્ઞા વર્તાવી. આ વિજયથી સિદ્ધરાજને ઘણો જ સંતોષ થયો. તેની કીર્તિ ચોમેર પ્રસરી, કેમકે યશોવર્મા માલવાનો પ્રતાપી અને મોટો રાજા હતો.

**માલવાથી** પાછો ફરી સિ૦ જયસિંહ રાજા પાટણમાં આવ્યો. ભારતીય રિવાજ મુજબ ત્યાંની પ્રજાએ તેનું રુડું સ્વાગત કર્યું. રાજા અને પ્રજાએ મોટો **વિજયોત્સવ** કર્યો. જીતી આવેલા ગુર્જરપતિને અનેક બ્રાહ્મણો,

---

૧ સિદ્ધરાજના દાદા **ભીમ** સાથે માલવાના રાજા **ભોજ**ની ચકમક ખૂબ ચાલી હતી. જુઓ-પ્રબંધચિં૦નો **ભોજ-ભીમ**પ્રબંધ. ભીમનો રાજ્યકાલ વિ. સં. ૧૦૭૮ થી ૧૧૨૦, કર્ણનો ૧૧૨૦ થી ૧૧૫૦ અને સિદ્ધરાજનો રાજ્યકાલ ૧૧૫૦ થી ૧૧૯૯ સુધી છે.

૨ પ્રબંધચિં. સિદ્ધરાજ પ્રબંધ પૃ૦ ૫૮. આનો રચનાકાળ વિ. સં. ૧૩૬૧ છે.

૩ જૂઓ સંસ્કૃતદ્વાશ્રય કાવ્ય સર્ગ. ૧૪. પ્રબંધચિંતામણિમાં રાજાએ સીધા ધારાનગરીમાં જઈ યશોવર્માને કેદ કર્યો, એવો ઉલ્લેખ છે અર્થાત્ યશોવર્માની રાજધાની ધારામાં હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવિઓ અને ધર્મગુરુઓ આશીષ અને અનુમોદન આપવા ગયા. આશીર્વાદ આપનારા ધર્મગુરુઓમાં હેમાચાર્ય પણ એક હતા કે જેમનો સિદ્ધરાજ સાથે પહેલો પરિચય ઘણા વર્ષો અગાઉ થઈ ગયો હતો.[1]

હવે અહીં આપણે એ વિચારવું છે કે સિદ્ધરાજે આ વિજય કયા વર્ષે મેળવ્યો? અને પાટણમાં પ્રવેશ કયારે કર્યો?

દ્વાશ્રયથી લઈ પ્રબંધકોષ કે તે પછીના જૂના કે નવા ગ્રંથોમાં આ પ્રસંગની કોઈ ખાસ તારીખ જડતી નથી. ડૉ. જી. બુહ્‌લર ( DR. G. Buhler ) હેમાચાર્યના જીવનચરિત્રમાં ( પૃ. ૩૩ ) લખે છે કે યશોવર્માએ વિ. સં. ૧૧૯૨ ના માહ મહિનામાં કોઈને જમીનનું દાન કર્યું હતું ત્યારે તે માલવાનો સ્વતંત્ર રાજા હતો એમ લાગે છે. જો આ વાત સાચી હોય તો તે પછી જ સિદ્ધરાજનો વિજય ઘટી શકે. દાનના પ્રસંગ પછી તરત જ સિદ્ધરાજે જિત મેળવી હોવી જોઈએ, તેથી એમ માનવું અનુચિત નથી કે તે વર્ષના [2]ચોમાસા પહેલાં સિદ્ધરાજે જિત મેળવીને તરત જ પાટણમાં પ્રવેશ કરી લીધો હશે. એ હિસાબ મુજબ માલવાનું જિતવું, પાટણમાં પ્રવેશ અને વિજયોત્સવ એ બધું કાર્ય લગભગ વિ. સં. ૧૧૯૨ ના શ્રાવણ મહિના સુધી પતી ગયું હશે એમ મને લાગે છે. વિ. સં. ૧૧૯૪ ના એક શિલાલેખમાં સિદ્ધરાજને માળવાનો રાજા તરીકે લખેલો છે.

## હૈમ વ્યાકરણની શરૂઆત.

તે વખતના અને પાછળના બધાય ગ્રંથકારો એકમતે કહે છે કે **માલવાના વિજય પછી સિધ્ધરાજે હેમચન્દ્રાચાર્ય પાસે આ વ્યાક-**

૧ પ્રભાવકચ૰માં હેમચંદ્ર ચરિત્ર શ્લોક ૬૯. પ્રબંધચિંતામણિમાં માલવાને જિતી આવ્યા પછી સિદ્ધરાજ અને હેમચન્દ્રાચાર્યનો મેળાપ ટાંકયો છે, પણ વિચાર કરતાં તેનાથી ઘણા વર્ષો અગાઉ તે બન્ને વચ્ચે સંબંધ થયો હશે એમ લાગે છે; કારણ કે જ્યારે વિ. સં. ૧૧૮૧ માં વાદિદેવસૂરિ અને કુમુદચંદ્રનો શાસ્ત્રાર્થ સિદ્ધરાજના પ્રમુખપણા હેઠળ થયો ત્યારે હેમચંદ્રની હાજરી ત્યાં હતી એ વાતની નોંધ પ્રભાવકચરિત્રમાં ( દેવસૂરિ પ્રબંધમાં ) અને પ્રબંધચિંતામણિમાં ( પેજ ૬૭ ) માં છે.

૨ યુદ્ધ કરવા માટે ચોમાસાની ઋતુ અનુકૂળ નથી એટલે વરસાદ પહેલાં તે કામ પતી ગયું હશે.

૩ જૂઓ '**પુરાતત્ત્વ**' પુસ્તક ૪ માં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રણુ બનાવરાવ્યું;** તેમ આ જ વ્યાકરણુના "ख्याते दृश्ये" ( પારા ૮ ) સૂત્રની સ્વોપજ્ઞ લઘુવૃત્તિ અને બૃહદ્વૃત્તિ માં "अरुणत् सिद्धराजोऽवन्तीम्" ( સિદ્ધરાજે ઉજ્જૈની નગરીને ઘેરી ) એમ વ્યાકરણુકાર હેમાચાર્ય પોતે કહે છે, અને આની પ્રશસ્તિમાં ( શ્લોક ૧૯ થી ૨૯ સુધી ) પણુ માલવાના વિજયનું વર્ણન હેમાચાર્યે કર્યું છે. એટલે એમાં જરા ય શંકા જેવું નથી. પ્રભાવક ચરિત્રકાર કહે છે તેમ માલવાની ( ઉજ્જૈનની ) લૂંટમાં ત્યાંનો એક ગ્રંથભંડાર પણુ પાટણુ આવ્યો હતો. તેમાં '**ભોજ વ્યાકરણુ**' જયસિંહરાજાએ દીઠું, તેથી તેવું નવું વ્યાકરણુ બનાવરાવવાની તેની ઇચ્છા થઇ. તેનામાં રાષ્ટ્રપ્રેમ હતો, ગૂજરાતના લોકો ગૂર્જર પંડિતોના જ ગ્રંથો ભણે એમ તે ચાહતો હતો. એમ એક સારા[1] વ્યાકરણુની ખોટ પણુ તેને લાગતી હતી તેથી **સર્વાંગ પૂર્ણ વ્યાકરણુ બનાવવાની પ્રાર્થના તે રાજાએ હેમાચાર્યને કરી. જૈન સાહિત્ય નિર્માણુનું એક વ્યસન હોય તેને માટે આવી પ્રાર્થના** 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' જેવી થાય. **હેમાચાર્યે આનંદપૂર્વક ગૂર્જરપતિની પ્રાર્થનાને વધાવી લીધી.** પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, દ્વાશ્રય કે આ વ્યાકરણુમાં આની શરુઆત કયારે થઈ તેની તારીખ, માસ કે વર્ષ નથી; પણુ તેના વર્ણનથી લાગે છે કે સિદ્ધરાજનો પાટણુમાં પ્રવેશ થયા પછી તરત જ આનો પ્રારંભ નહિ થયો હશે. સંભવતઃ ૧૧૯૨ નું આખું વર્ષ પૂરું થયા પછી આનો પ્રારંભ થયો હશે, કેમકે પાટણુમાં પ્રવેશ કર્યા પછી પણુ સિદ્ધરાજ બીજા રાજ્યકાર્યોમાં થોડા સમય સુધી જરુર રોકાયો હશે અને કાશ્મીરથી પુસ્તકો વિગેરેના સાધનો મેળવવામાં પણુ સમય વીત્યો હશે. એટલે કે વિ. સં. ૧૧૯૩ ના

૧ જુઓ પ્રભાવકચરિત્રમાં હેમચં૦ ચ૦ માં ૭૦ થી ૯૫ શ્લોક સુધી. રાજાને એક સરલ અને સંપૂર્ણ વ્યાકરણુની ઉણુપ ખટકતી હતી, તે માટે આ વ્યાકરણુની પ્રશસ્તિના છેલ્લા પદ્યમાં હેમાચાર્ય પોતે પણુ લખે છે. જેમઃ—

**तेनातिविस्तृतदुरागमविप्रकीर्णशब्दाऽनुशासनसमूहकदर्थितेन ।**
**अभ्यर्थितो निरवमं विधिवद् व्यधत्त शब्दानुशासनमिदं मुनिहेमचन्द्रः ॥ ३५ ॥**

પ્રસ્તુત-હૈમ વ્યાકરણુના મહત્ત્વ વિષે વધુ જાણુવું હોય તો જુઓ '**ગુજરાતનું પ્રધાન વ્યાકરણુ**' નામનો નિબંધ, 'જે આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદ્' માં મંજુર થયો હતો. આ આખો ય નિબંધ 'પુરાતત્ત્વ' ના પુસ્તક ચોથામાં ( પેજ ૬૧ થી ) છપાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન્ તસ્કરો–

## ચાર કષાય

કષાય શબ્દનો અર્થ એવો થાય છે કે–" જેનાથી સંસારનો લાભ થાય તે કષાય " અર્થાત્–કષાય પ્રવૃતિથી આત્માનું એકાંતે અહિત અને સંસારની વૃદ્ધિ થયા જ કરે છે. આ કષાય મુખ્યત્વે શાસ્ત્રકારોએ ક્રોધ–માન–માયા અને લોભ-રૂપ ચાર પ્રકારના બતાવ્યા છે. તે કષાયો પ્રસંગે પ્રસંગે લાગ જોઈને મનુષ્યને છળીને તેનામાં પ્રવેશ કરે છે અને તે મનુષ્યની પાગલના જેવી સ્થિતિ કરી મૂકે છે. એ કષાયોને તસ્કર યાને ચાર ચોરની ઉપમા પણ આપી શકાય છે. ચોરો તો અટવીમાં માણસને એકલો જોઇને લુંટે છે, તેમજ માત્ર બાહ્ય ધન લઇ લ્યે છે. પરંતુ આ કષાયરૂપી તસ્કરો તો મનુષ્ય સમૂહની મધ્યમાં માણસના પ્રીતિ, વિનય, મિત્રતા અને સર્વ કાંઇને હરી લ્યે છે; એ ખરે જ આશ્ચર્યજનક છે. વળી ચોરો તો આપણા જેવા મનુષ્યો હોઇ તેનો પ્રતિકાર પણ થઈ શકે છે, પરંતુ આ કષાયો દૃશ્યમાન–રૂપી પદાર્થ નથી કે જેથી તેનો પ્રતિકાર થાય. મનુષ્યમાં

---

પ્રારંભમાં હેમાચાર્યે આ વ્યાકરણ બનાવવાની **अथ श्री**—શરુઆત કરી હોય એમ મારી કલ્પના છે.

### હૈમ વ્યાકરણનું પ્રમાણ કેટલું ?

ગૂજરાત રાષ્ટ્રની દૃષ્ટિએ રાજાની પ્રાર્થનાથી આ વ્યાકરણ બનાવવાનું હોવાથી હેમાચાર્યે આને આકર્ષક અને સમ્પૂર્ણ બનાવવામાં તેમનાથી બનતો પ્રયાસ જરુર સેવ્યો છે. આ વ્યાકરણ માટે બીજા દેશના લોકો કિન્તુ પણ કહે એમાં હેમાચાર્ય પોતાને માટે જ નહિ, બલ્કે ગુજરાત માટે પણ કલંક સમજતા, તેથી ' સૂત્ર ગણપાઠ સહિત વૃત્તિ, લિંગાનુશાસન, ધાતુપાઠ અને ઊણાદિ એ કુલ વ્યાકરણનાં પાંચે અંગોની રચના તેમણે નિપુણતાથી એક હાથે કરી. તેનું પ્રમાણ કેટલું છે તે વિષે પ્રબંધચિંતામણિ વગર બીજે ક્યાંય લખાણ જડતું નથી. પ્ર.ચિં.માં મેરુતુંગ આખા હૈમ વ્યાકરણનું પ્રમાણ સવાલાખ શ્લોક જેટલું કહે છે.[2] હવે હૈમ વ્યાકરણ કેટલા ટાઈમમાં બન્યું વગેરે આવતા અંકમાં આપીશું. (ચાલુ)

---

૨. xxx **श्री हेमचन्द्राचार्यैः श्रीसिद्धहेमाभिधानं अभिनवं पञ्चाङ्गं व्याकरणं सपादलक्षग्रन्थप्रमाणं संवत्सरेण रचयाञ्चक्रे** । પ્ર. ચિં. પૃ. ૬૦ (શ્રી જિનવિ. સંપાદિત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમુક પ્રકારના ગુણો લુપ્ત થઇ તેને સ્થાને તેથી વિપરીત અવગુણ સમૂહ સ્થાપિત થાય અને અયોગ્ય આચરણ થાય ત્યારે જ જાણી શકાય છે કે આ મનુષ્યમાં અત્યારે અમુક કષાયનો આવિર્ભાવ વર્તે છે. વળી ચોરોમાં પણ બધા સરખા બળવાન નથી હોતા પણ બળની ન્યૂનાધિકતા હોય છે. તેમ આ ચારે જાતિના કષાયો એક સરખા નથી પણ તે દરેકના ચાર ચાર ભેદ છે. એટલે દરેક કષાયના મળીને સોળ પ્રકારના ભેદ થાય છે. તેના નામ અનુક્રમે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન છે. તેમાં પ્રથમનો કષાય આ–જીવન પર્યંત રહે છે અને મૃત્યુ પામીને મનુષ્ય નરકગામી બને છે. દ્વિતીય પ્રકારના કષાયની સ્થિતિ બાર માસની છે અને તે માણસની ગતિ તિર્યંચમાં થાય છે. ત્રીજા કષાયની સ્થિતિ ચાર માસની અને ગતિ મનુષ્યની થાય છે અને ચોથા સંજ્વલન નામના કષાયની સ્થિતિ એક પક્ષની છે અને તે મનુષ્યની ગતિ દેવની થાય છે. આ પ્રમાણે કષાયના જુદા જુદા પ્રકારોની વ્યાખ્યા જોયા પછી હવે ક્રોધાદિ મૂળ કષાયનું અલગ પૃથક્કરણ કરીએ.

## ક્રોધ

ક્રોધ એ મહાન્ ચોર છે, ક્રોધ એ મહાન્ વિષધર સર્પ છે, ક્રોધ એ મહાન ચાંડાલ છે, ક્રોધ એ મહાન્ અનલ–અગ્નિ છે અને ક્રોધ એ પ્રીતિરૂપ ગુણવનનો હ્રાસ કરનાર મદોન્મત્ત ગાંડા હસ્તી સમાન છે. સર્પના વિષથી તો મનુષ્યનું એક જ વખત મૃત્યુ થાય છે પરંતુ આ ક્રોધરૂપ સર્પના દંશથી તો આત્માનું ભાવ–મરણ થઇ ભવાંતરમાં પણ તે સંસ્કારો સાથે જાય છે. સર્પના વિષને ઉતારનાર ગારૂડીઓ પોતાના મંત્રબળવડે કરીને મનુષ્યને નિર્વિષ કરી શકે છે, તેમ આ કષાયોના દારૂણ ઝેરને ઉતારનાર સદ્ગુરૂઓરૂપ ગારૂડીઓ હોય છે પરંતુ ક્રોધરૂપ સર્પથી ડસાયેલ મનુષ્યને તેવા આપ્તજનોની વાણી સાંભળવી જ નથી ગમતી ત્યાં તેના ઉતારની તો વાતજ શી કરવી ?

ક્રોધ એ આત્માને દુર્ગતિમાં લઇ જનાર છે અને આત્માના ગુણોને સતત હરનાર ચોર છે. ઘણા વખતના પ્રયાસથી સંચય કરેલ ચીજો પર અગ્નિની એક જ ચીનગારી મૂકવાથી ત્યાં મહાન દાવાનલ પ્રગટે છે અને બહુ પ્રયાસના પરિણામે પ્રાપ્ત કરેલી મૂલ્યવાન વસ્તુઓ તેમાં બળીને ખાખ થઇ જાય છે તેવી જ રીતે ઘણા વખતનો સંચિત થયેલ ગુણસમૂહ એક જ સમયના ક્રોધથી બળી જાય છે. “ ક્રોધે ક્રોડ પૂરવતણું સંજમ ફળ જાય ” એ નિઃશંક છે.

અગ્નિમાં મૂલ્યવાન ચીજો બળી જતાં માણસને શોક થાય છે, જ્યારે ક્રોધાગ્નિમાં આત્માના અનેક આંતરિક ઉત્તમ ગુણો અને પ્રગટપણે પ્રિતી યાને મિત્રતારૂપ ગુણો બળી જાય છે તે છતાં મનુષ્યોને તેનો લેશ પણ શોક થતો નથી એ કેટલું આશ્ચર્યજનક છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વના સમયમાં કોઇ ગૃહસ્થને ઘેર સાત પુત્રો ઉપર એક પુત્રી ઉત્પન્ન થઇ. એટલે તેનું અચ્ચંકારી (આશ્ચર્યકારી) એવું ગુણનિષ્પન્ન નામ રાખ્યું. દ્વિતીયાના ચંદ્રની જેમ તે બાલિકા દિવસે દિવસે રૂપ, ગુણ, વય અને કળા-કૌશલ્યમાં અધિકાધિક વધતી ગઇ. વિવાહને યોગ્ય એવી તેની વય થતાં તેના માતા-પિતાની પાસે તેના માટે અનેક સારા સારા ઠેકાણેથી માગાએ આવવા લાગ્યા. લાડકોડમાં ઉછરેલી પુત્રીને માતાપિતા વિવાહની સંમતિ માટે જ્યારે પૂછે છે ત્યારે અચ્ચંકારી કહે છે કે—હે પિતાજી! મારે પ્રતિજ્ઞા છે કે જે પુરૂષ પ્રત્યેક બાબતમાં હું કહું તેમજ વર્તે, પણ પોતાની સ્વેચ્છાએ કંઇ પણ કાર્ય ન કરે એવા પ્રકારના વચનથી જે પુરૂષ મારી સાથે બંધાય તેની સાથે હું પરણવા ઇચ્છું છું; અન્યથા ગમે તેવા ઉત્તમ પુરૂષ સાથે પણ હું પરતંત્રપણે પરણવા ચાહતી નથી. તેની આવી પ્રતિજ્ઞાથી માત-તાત વિમાસણમાં પડ્યા તેમજ સ્ત્રીના વચનને આધીન રહેવાની પ્રતિજ્ઞા પણ કયો સત્ત્વશાલી પુરૂષ કરે ભલા?

કેટલોક સમય એમ ને એમ વ્યતીત થયા બાદ એક વખતે અચ્ચંકારી નગરના રાજમાર્ગ પરથી ચાલી જાય છે. તે જ સમયે રાજાનો મહા અમાત્ય પણ ત્યાંથી પસાર થાય છે, અને તેનું લક્ષ તે પ્રત્યે ખેંચાવાથી પોતાના કર્મ-ચારીઓને તે મહાસચિવ પૂછે છે કે આ ભરયુવાવસ્થાવાળી છતાં કુમારિકા સમાન જણાતી સૌંદર્યવાન બાળા કોણ છે? જવાબમાં પ્રધાનના માણસો આપણી કથાનાયિકા સંબંધીની સર્વ હકીકત પ્રધાનને વિદિત કરે છે. કાળની પરિપકવતાથી અને ભાવિની પ્રબળતાથી પ્રધાન અચ્ચંકારીના પિતાને, અચ્ચં-કારીની શરતો પોતાને માન્ય છે તેમ જણાવી પોતાની સાથે તે બાળાના લગ્ન કરવા જણાવે છે અને પ્રાંતે બન્નેના ધામધુમથી લગ્ન થાય છે.

ગર્વિષ્ટ એવી અચ્ચંકારી ભટ્ટા "મધુરજની"એ-પ્રણયની પહેલી જ રાત્રીએ પોતાના પતિદેવને ફરમાવે છે કે તમારે રાજકાજમાંથી વહેલાસર નિવૃત થઇને ઘેર આવી જવું, પણ આ પ્રમાણે પ્રહર રાત્રી વ્યતીત થયે આવશો તે ચાલશે નહીં. પ્રિયતમાની તે વાતને અંગીકાર કરીને પ્રધાન તેના નિયત સમયથી વહે-લાસર સ્વગૃહે આવી જાય છે.

રાજાને અને પ્રધાનને દરરોજ રાત્રીના સમયે મળીને વિનોદવાર્તા કરવાની આદત હતી એટલે રાત્રીના સમયે હવે પ્રધાનની ગેરહાજરી રહેતી હોવાના કારણે રાજાને ચેન નહીં પડવાથી પ્રધાનને પૂછ્યું કે-હે મંત્રીશ્વર! પૂર્વની માફક તમે હવે રાત્રે મારી પાસે કેમ આવતા નથી? કંઇ અડચણ હોય તો કહો કે જેથી તેને દૂર કરી શકાય; પરંતુ ગમે તેમ કરીને પણ તમારે રાત્રે તો મારી પાસે આવવું જ કે જેથી મને આનંદ પ્રાપ્ત થાય. રાજાના આવા વચનોથી પ્રધાને વિચાર્યું કે માતાપિતા, ગુરૂ અને રાજા એટલા પાસે ગુપ્ત વાત કહેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકોચ ન રાખવો, અસત્ય ન સેવવું જોઈએ; માટે હું સર્વ હકીકત રાજાને જણાવી દઉં કે જેથી તેઓ સ્વેચ્છાએ જ મને રાત્રે આવવાની ફરજમાંથી મુકત કરશે. આ પ્રમાણે પ્રધાને મનમાં વિચારીને રાજા પાસે અચ્ચંકારી સાથેના કરેલા શરતી લગ્નની વાત કરી અને પ્રાંતે કહ્યું કે હે પૃથ્વીપતિ ! હવે મારી આપના પ્રતિ વિજ્ઞપ્તિ છે કે કૃપા કરીને રાત્રી સમયે આપની પાસે આવવાની ફરજમાંથી આપ મને મુકત કરી સેવકને ઉપકૃત કરશો. રાજહઠ તો પ્રસિદ્ધ જ છે એટલે તેવા પ્રકારની હઠથી અને કંઇક વિનોદથી રાજાએ તે રાત્રીએ પ્રધાનને વહેલાસર ઘેર જવા ન દીધો. પ્રધાનની આજીજી સર્વ વ્યર્થ ગઇ. એ રીતે લગભગ બે પ્રહર રાત્રી વ્યતીત થયેથી પ્રધાનને ત્યાંથી તેને ઘેર જવા દીધો. આ તરફ અચ્ચંકારી તો પોતાના પતિની રાહ જોઇને બેસી જ રહી. નિયત કરેલા વખતે જ્યારે પ્રધાન ઘેર ન આવ્યો ત્યારે અચ્ચંકારીમાં ઉગ્ર ક્રોધનો આવિર્ભાવ થયો. નેત્રો રક્તવર્ણા થઇ ગયા બન્ને ભ્રૂકુટીઓ ક્રોધાવેશથી ભેળી થઇ ગઇ, અધરોષ્ટ કંપવા લાગ્યા. કપોળ પ્રદેશપર લોહી ચડી આવ્યું અને સમગ્ર શરીર પ્રલયકાળના વાયુથી કંપતી દિશાઓની જેમ કંપવા લાગ્યું. બસ એક જ વિચારો મનમાં ઘોળાવા લાગ્યા કે પ્રથમ ગ્રાસે મક્ષિકાપાતની જેમ અત્યારથી જ વચનભંગ થયો છે તો આ પ્રમાણે પરતંત્ર જીવન કેમ કરીને વ્યતિત થશે ? ખેર ! લગ્ન થતાં તો થઇ ગયા પરંતુ હવે પ્રધાન ઘેર આવે તો ઘરના દ્વાર જ ઉઘાડીશ નહીં. આવા પ્રકારનો નિરધાર કરી, ક્રોધાવેશમાં અસ્તવ્યસ્ત થયા છે કપડા જેના અને અવ્યવસ્થીત થયા છે વાળ જેના એવી અચ્ચંકારી ભટ્ટા મૌન પણે છત્રી પર્યંકમાં પડી બીજી તરફથી રાજા પાસેથી મુક્ત થતાંજ પ્રધાન પશ્ચાતાપથી જલતા હૃદયે જલ્દી જલ્દી ઘેર આવે છે. અને ઘરના દ્વારો બંધ જોઇ તેને ખોલવા માટે અચ્ચંકારીને નમ્રતા પૂર્વક જણાવે છે. આપણી કથા નાયિકા અત્યારે સારાસારનો વિવેક ભૂલીને ક્રોધાવેશમાં મૌનપણે જાગતી સુતી છે એ આપણે જોઇ ગયા છીએ. એટલે પતિના વચનો સાંભળવા છતાં તેણી કમાડને ખોલતી નથી. બ્હારથી પ્રધાનના સ્વરો આવે છે કે દેવી ! શું કરૂં છું કે હું અદ્યાપિ પર્યંત નિરૂપાયે માત્ર રાજાજ્ઞાથીજ રોકાયો હતો, પરંતુ મોડું કરવામાં મારો બીજો કંઇપણ આશય નહીં હતો. માટે તું રૂષ્ટમાન નહીં થતાં ઉઠ અને ઘરના દ્વાર ખોલ. વળી તું કહીશ તો કાલથીજ રાજની નોકરી છોડી દઇશ પણ આ એક વખતની ભુલને તું ભુલી જા અને કમાડ ખોલ. કહેવત છે કે ઉંઘતો બોલે પણ જાગતો ન બોલે એ ન્યાયે અચ્ચંકારી તો પુર્વવત્ શુન્યપણે પોતાના ક્રોધમાંજ પડા છે છેવટે પ્રધાનના અતિ કાકલુદી ભર્યા સ્વર આવવા માંડ્યા ત્યારે પોતે સુજ્ઞ હોવાથી વિચાર્યું કે આ પ્રમાણે વર્તન કરીને પતિને દુઃખ દેવું તે ઇષ્ટ નથી માટે ઘરના દ્વાર ખોલીને અત્યારે જ આ શહેરમાં મારૂં પિતૃગૃહ છે ત્યાં ચાલી જવું મારે માટે યોગ્ય છે. અને ફરી કદી આ ગૃહે ન આવવું તે શ્રેયકર છે. આમ વિચારી તેણે બારણું ખોલ્યું અને કંઇપણ બોલ્યા સિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સડડાટ તે પિતૃગૃહે જવા માટે બ્હાર ચાલી ગઈ. ( સ્ત્રીનું જોર બે ઠેકાણે જ ચાલે ને ? એક તો રડવામાં અને બીજું પિતાને ઘેર જવામાં ) અચ્ચંકારીના આવા નિર્દય વર્તનથી પ્રધાનનું પુરૂષ હૃદય ઘવાયું કે અહો ! આ સ્ત્રી કેટલી હઠાગ્રહી છે કે મારી આટલી બધી ભારોભાર નમ્રતા છતાં મને અવગણીને કઠોરતાથી તે ચાલી ગઇ ખેર ! ભલે ગઇ. જઈ જઈને ક્યાં જશે ? તેના પિતાને ઘેર જશે અને છેવટે કંટાળીને એની મેળે જ અહીં આવશે માટે મારે પણ હવે આ ક્રોધાંધ સ્ત્રીને બોલાવવા ન જવું એ જ ઇષ્ટ છે.

અચ્ચંકારી સ્વગૃહેથી નીકળી પિતાને ઘેર જવા અર્ધરાત્રિના સમયે એકલી ચાલી નીકળી એ આપણે જોઇ ગયા છીએ. ત્યાંથી નીકળી શહેરના રાજમાર્ગ પર તે આવે છે ત્યારે તેને તસ્કર લોકોનો ભેટો થાય છે. ચોરો તેણીને જોઇને વિચારે છે કે–અનાયાસે અને વિના પ્રયાસે અનેક આભૂષણોથી યુક્ત એવી આ સાંદર્યવાન સ્ત્રી આપણને મળી ગઇ માટે હવે બીજે ચોરી કરવાથી સર્યું. આને જ લુંટીને તેણીને આપણા સરદારને સોંપશું અને તેને સરદાર પત્ની બનાવીશું. આમ વિચારી તેઓ અચ્ચંકારીને લુંટીને પોતાના સ્થાન પર લઇ જઈ સરદારને સુપ્રત કરે છે. ચોરોનો નાયક પોતાની સ્ત્રી બનાવવા માટે તેને અનેક પ્રકારે સમજાવી રહ્યો છે, પરંતુ અચ્ચંકારી તેની વાતને ધૂતકારી કાઢે છે. તેણીમાં જો કે ક્રોધનું મહાન દુષણ હતું, પણ તેની સાથે તેનામાં શિયળનો મહાન ગુણ પણ હતો કે જેની ખરી કસોટી આવા કપરા સમયમાં થાય છે. ચોરના સરદારે નાના પ્રકારની સમજાવટ તેમજ દંડ–ભેદ ઇત્યાદિ સર્વ નીતિ અજમાવી જોઇ, પણ તેની વાતનો અચ્ચંકારીએ તો સાફ ઇન્કાર કર્યો કે ક્ષણ પછી પ્રાણ જતા હોય, આ ક્ષણે જ ભલે જાઓ પણ જ્યાં સુધી આ દેહમાં આત્મા છે ત્યાં સુધી તો એ વાત કોઇ પણ રીતે શકય બનશે જ નહી. તે કોઇ પણ રીતે ન સમજી એટલે તેઓએ કંટાળીને તેનો બર્બર કુળમાં વિક્રય કર્યો–વેચી નાખી કે જે બર્બર કુળના લોકોનો વ્યવસાય કપડા રંગવાનો હતો. કવચિત્ તેઓ મનુષ્યના રૂધિરથી પણ કપડા રંગતા હતા. આવા ક્રૂરજનોની મધ્યમાં પણ પોતાના શિયળને રક્ષતી, ધર્મને કદી ન વિસારતી અને પોતાના ક્રોધ માટે પશ્ચાત્તાપ કરતી શ્રીમતી અચ્ચંકારી ભટ્ટા દુષ્કર્મના પ્રભાવથી આવી. તે લોકોએ પણ તેના શિયળનો ભંગ કરવા માટે સર્વ પ્રકારના પ્રયાસો કરી જોયા, પરંતુ તેઓના સર્વ યત્નો નિષ્ફળ ગયા. પ્રલયકાળના પ્રચંડ વાયુથી કદાચિત અન્ય પર્વતો કંપી ઉઠે પરંતુ તેવા પવનથી પણ શું સુમેરૂ પર્વના શૃંગો ડોલાયમાન થાય ખરા ? કદાચિત પણ નહીં જ. તેવી જ રીતે અચ્ચંકારી પણ અડગ રહી. પોતાના શિયળના રક્ષણને માટે ભવિષ્યમાં આવનારી સર્વ દુઃસહ આફતોને માટે તૈયાર થઇ રહી, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેશ પણ મનમાં દુર્ધ્યાન ન કર્યું. છેવટે તે ક્રૂર જનોએ તેના શરીર પરની સર્વ ત્વચાને ઉતારી લઇને તેના લોહીથી કપડાં રંગવા માંડયા. વિચારો કે જેણે કદી પણ સંસારના ઉન્હા વા પણ જોયા નથી અને જેણે સદા સર્વદા સુખમાં જ દિવસો નિર્ગમન કર્યા છે તેવી સુકોમળ અબળાની શરીરની ચામડી ઉતારી હશે ત્યારે તેને કેટલી અતીવ વેદના ઉદ્ભવી હશે? તેમ છતાં પોતાના શિયળના રક્ષણને અર્થે અબળા ગણાતી છતાં સબળા એવી મહાસતી અચ્ચંકારીએ તે મહાન દુઃખને ધૈર્યપૂર્વક સહન કર્યું. નમસ્કાર હો આર્યાવર્તની આવી મહાન્ શિયળવતી સતી સ્ત્રીઓને! ઉપર દર્શાવ્યા પ્રમાણે નિર્દયપણે તેણીના શરીરની ચામડી ઉતારવાની ક્રિયાની પુનરાવૃત્તિ છ-છ માસે થવા લાગી. આ પ્રમાણે કેટલોક કાળ વ્યતીત થયો. હવે આપણે તેના પિતૃગૃહ તરફ દૃષ્ટિપાત કરીએ. પતિના મનમાં એમ જ છે કે અચ્ચંકારી તેના પિતાને ઘેર ગયેલ છે, માટે હવે મારે તો તેને બોલાવવા નજ જવી જયારે બીજી તરફ તેના પિતાને ત્યાંના સર્વ સ્વજનો એમજ સમજે છે કે અચ્ચંકારી તેના પતિના ગૃહેજ છે. આમ બન્ને પક્ષો સભ્રમ અવસ્થામાં છે.

અચ્ચંકારીના ભાઇઓ કપડાના ક્રયવિક્રયનો વ્યવસાય કરે છે. એટલે એક વખત તેનો વડિલ સહોદર બર્બરકુળમાં આવેલ છે. બરાબર તેજ વખતે અચ્ચંકારીના શરીરની ખાલ ઉતારી, તેના બદનમાંહેનું લોહી લઈને તેના મૃતપ્રાયઃ થઇ ગયેલા દેહને ગૃહાંગણમાં ફેંકી દીધેલ છે. તેના ભાઇની દૃષ્ટિ અચ્ચંકારીના ત્વચા-વિહુણા શરીર પર પડે છે અને તે કમકમાટી અનુભવે છે. તે વખતે તેને વિચાર સ્ફુરે છે કે-અહો! મારી ભગિનીના હસ્તપાદમાં આ બાઇના જેવા જ શુભ લક્ષણો હતા તથા આવી જ મળતી આકૃતિ પણ તેની છે; પણ તે અહીં કેમ સંભવી શકે? તે તો ન જ હોય. તો પણ ભૂતદયાની લાગણીથી મારી ફરજ છે કે તેને આ સ્થાનમાંથી ગમેતેમ કરીને પણ છોડાવવી જોઇએ. આમ વિચારી તેનો યથોચિત બદલો દઇ તેણીને બર્બરકુળમાંથી છોડાવીને વ્રણસંજીવિની નામક ઔષધીમાં ત્રણ અહોરાત્રપર્યંત રાખી. કે જે વનસ્પતિના પ્રભાવથી તેણી પૂર્વવત્ ત્વચા અને કાંતિને પ્રાપ્ત કરીને બેઠી થઇ. નજીકમાં પોતાના માતૃજાયા વડીલ ભ્રાતાને જોઇને દુઃખના અતિભારથી તે ચોધાર અશ્રુએ બન્ને આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસાવવા લાગી. તે પોતાની બ્હેન જાણી ભાઇ તેને આશ્વાસન આપે છે અને તેને પોતાની આપવીતી કહેવાનું કહે છે ત્યારે અચ્ચંકારી અથથી માંડી ઇતિપર્યંત પોતાની સર્વ વાતથી ભાઇને માહિતગાર કરે છે. જે બીનાને સાંભળીને તેનો ભાઈ પણ ગદગદિત થાય છે. પરંતુ જે બનવાનું હતુ તે બની ગયું. હવે "गतं न शोचामि"ના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયે શાંતિ રાખી બન્ને ભાઇ-બાગની પોતાના નગરે આવે છે. અને તે સર્વ સ્વજનો પ્રધાન સુદ્ધાં આપ્તજનોની હાજરીમાં અચ્ચંકારીનો ભાઇ તેણીના ઉપર વિતેલી સર્વ વીતકકથાને કહી સંભળાવે છે જે સાંભળી સર્વના હૃદય દ્રવીભૂત થાય છે. અને સર્વ દુઃખના કારણભૂત એવા ક્રોધ પ્રત્યે સૌ તિરસ્કાર દર્શાવે છે. અચ્ચંકારી પણ પોતાના પતિની બહુ પ્રકારે ક્ષમા યાચી પતિગૃહે જાય છે અને પોતાનો ગૃહસ્થસંસાર સુખે ચલાવે છે. તે અરસામાં ઇંદ્રસભામાં સર્વ દેવતાઓની સમક્ષ ઇંદ્ર મહારાજ મનુષ્ય લોકમાં રહેલ આપણી કથાનાયિકા શ્રીમતી અચ્ચંકારી ભટ્ટાના શિયલ મહાગુણની અને ક્ષમાગુણની પ્રશંસા કરે છે. એ બીનાને અણસહ્દતાં થકાં બે દેવતાઓ સાધુનું રૂપ કરી અચ્ચંકારીને ઘેર આવે છે. સાધુને જોતાં જ અચ્ચંકારી હર્ષપૂર્વક નમસ્કાર કરી પૃચ્છા કરે છે કે હે સ્વામિન! આપનું આગમન શા કારણ માટે થયું છે તે કૃપા કરીને જણાવો? પ્રત્યુત્તરમાં સાધુરૂપધારી દેવો કહે છે કે હે બ્હેન! એક સાધુને કોઢરોગ થયો છે તેની શાંતિ અર્થે અમને લક્ષપાક તેલ (જે તેલ તૈયાર કરવામાં એક લક્ષ વસ્તુઓ જોઇએ અને જેની એક બાટલીની કિંમત એક લાખ રૂપીયા હોય તે લક્ષપાક તેલ) ની જરૂર છે. અમે સાંભળ્યું છે કે તે તેલ તમારે ત્યાં છે તો તેને વહોરાવો સાધુના આવા વચનો સાંભળી હર્ષથી પુલકિત થયા છે નેત્રો જેના અને વિકસ્વર થયેલી છે રોમરાજી જેની એવી અચ્ચંકારી ભટ્ટા દાસીને તે તેલનો શીશો લાવવા કહે છે. દાસી લઇ આવે છે અને દેવપ્રભાવથી અર્ધમાર્ગે જ તેના હાથમાંથી તે અમૂલ્ય તેલનો શીશો પડી જાય છે આમ બનવા છતાં દાસી પર લેશ પણ કોપાયમાન ન થતાં અચ્ચંકારી તેને ફરીવાર બીજો શીશો લાવવા કહે છે. ફરી વખત પણ દેવપ્રભાવથી પૂર્વવત્ તેલની બાટલી પડી જાય છે, તો પણ સત્વશાળી એવી શ્રીમતી અચ્ચંકારી દાસી પર કિંચિત પણ ક્રોધને ન આણતાં ત્રીજી વાર પોતે ઘરમાંથી તેલને લેવા જાય છે. તે વખતે તેના શિયળ અને ક્ષમાગુણના પ્રભાવે દેવશક્તિ પણ કુંઠિત બની જાય છે અને મુનિઓને તેમની બાટલી વહેરાવે છે. તે વખતે દેવતાઓ પોતાનું અસલ રૂપ પ્રગટાવી તેના પર પુષ્પવૃષ્ટિ કરી તેની પ્રશંસા કરે છે અને ઇંદ્રમહારાજે જણાવેલ બીનાને સદ્દહતાં થકાં દેવજનો સ્વર્ગે સીધાવે છે. વંદન હો અચ્ચંકારીને!

આ કથા પરથી આપણે એ જોવાનું છે કે-એક માત્ર ક્રોધના કારણથી આવી મહાસતીને કેટલું મહાન દુઃખ પડયું? એ વિચારી દરેકે ઉગ્ર ક્રોધનું નિમિત્ત મળે તો પણ શાંતિ રાખવા પ્રયત્ન કરવો એ સ્વાત્મહિતકર છે. (ચાલુ)

રાજપાળ મગનલાલ વ્હોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધ્યાન

ત્રીજા ધર્મધ્યાનના બે પ્રકાર વિચાર્યા પછી, આજે આપણે ત્રીજા તરફ ચક્ષુ ફેરવીએ.

**વિપાકવિચય**-આત્મા અનંત શક્તિનો સ્વામી છતાં શા માટે ભિન્ન ભિન્ન પ્રકારના કષ્ટે-દુઃખો એને ભોગવવા પડે છે? આ વિચારમાં ઉંડું અવગાહન કરતાં દૃષ્ટિ સમક્ષ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોની જાળ પથરાયેલી તરી આવે છે. આત્માના સાચા ગુણોને આવરનાર જો કોઈ પણ પદાર્થ યા વસ્તુ હોય તો તે આ કર્મો જ છે. આ ધ્યાન એ રીતે ધ્યાવાનું છે કે સુખ દુઃખના કારણરૂપ કિંવા જુદી જુદી જાતના જે અનુભવો આત્માને પ્રાપ્ત થાય છે એ નિમિત્ત કારણ તરીકે પૂર્વસંચિત કર્મો હોવાથી એ વેળા હર્ષ-શોક ન ધરતાં, એ કર્માષ્ટકનુ સ્વરૂપ વિચારવું. એમાંથી કયા માર્ગે છૂટી શકાય તે ચિંતવવું.

**સંસ્થાનવિચય**—જ્યાં ત્રીજા ભેદમાં સંસારવૃદ્ધિના સાધનરૂપ કર્મોની વિચારણા આગળ વધી કે આ ચોથા ભેદમાં નજરે દેખાતા જગત વિષે ઉંડા ઉતરવાનું મન થવાનું જ. એ વેળા સારાયે ચૌદરાજ લોકનું-એમાનાં સાત લોકમાં આવેલા નરકો, વચમાંનો તિર્છાલોક અને ઉપરનો જ્યોતિષ અને વૈમાનિક દેવો સંબંધી પ્રદેશ, તેમાં રહેલી ભિન્નતાઓ, વિશિષ્ટતાઓ અને વિચિત્રતાઓ સહિત-ચિત્ર સ્મૃતિપટમાં દોરવાનું. એ લોકમાં ધર્માસ્તિકાય આદિ પાંચ અસ્તિકાય, તથા દ્રવ્ય, ગુણ અને પર્યાય સબંધી ચિંતવન શરૂ કરવાનું. જેમ જેમ આત્મા આ જાતના જ્ઞાનમાં અવગાહન કરવાનો તેમ તેમ બાહ્ય પદાર્થો પરથી આસક્તિ ઓછી થવાની અને આંતરિક વસ્તુમાં લીનતા વધવાની. તે વેળા મન કોઇ અગમ્ય પ્રદેશમાં એકતાર બનવાનું.

ધ્યાનનો ચોથો યાને મહત્વનો પ્રકાર તે **શુકલ ધ્યાન.** નિર્મળ શુદ્ધ પરાવલંબન વિના આત્માના સ્વરૂપને તન્મયપણે ધ્યાવે તે શુકલયાને સ્વચ્છ ધ્યાન.

૧ **પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર**—જીવથી અજીવ, સ્વભાવમાંથી વિભાવમાં દ્રવ્યથી પર્યાયને જુદા પાડી વહેંચણી કરવી, તેનું નામ પૃથક્ત્વ. તેનો શ્રુતજ્ઞાને સ્થિત ઉપયોગ તે વિતર્ક તે નિર્મળ વિકલ્પ રહિત પોતાની સત્તાને ધ્યાવે. આ વિષય લખવા કરતાં અનુભવથી વધારે સમજાય. એની મર્યાદા આઠમા ગુણસ્થાનકથી અગ્યારમા સુધીની કહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨ એકત્વ વિતર્ક અપ્રવિચાર**—ગુણ પર્યાયની એકતા કરી ધ્યાવે તે શ્રુતજ્ઞાના વલંબીપણે વિકલ્પ રહિત દર્શન–જ્ઞાનનો સમયાંતરે કારણતા વિના રત્નત્રયીનો એકસમયી કારણ કાર્યતાપણે જે ધ્યાન, વીર્ય ઉપયોગની એકાગ્રતા તે આ ધ્યાન બારમા ગુણસ્થાનકે ધ્યાવે. આમ જ્યાં આ ગુણસ્થાનક પ્રાપ્ત થયું કે સિદ્ધદશા પ્રાપ્ત થવાની નિશ્ચિત્ત થાય છે. ઘનઘાતીઆ ચાર કર્મનો અહીં નાશ થાય છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

તેરમાના અંતે અને ચૌદમામાં પ્રવેશતાં સૂક્ષ્મ મન–વચન, કાયાના યોગ રૂંધે શૈલેશીકરણ કરી અયોગી થાય તે ત્રીજો ભેદ. સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને જ્યાં યોગ નિરૂંધ કર્યા પછી સર્વ ક્રિયારહિત થવાની દશા પ્રાપ્ત થવાની પળ આવતાં જે ધ્યાન ચાલુ હોય છે તે ચોથો ભેદ ઉચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ. આ આખોય વિષય અનુભવગમ્ય છે.

ધ્યાનના બીજી રીતે નીચે પ્રમાણે ચાર ભેદ થાય છે.

**૧ પદસ્થ**–અરિહંતાદિક પાંચ પરમેષ્ઠીના ગુણ સંભારવા. મનમાં ચિંતવન કરવું તે.

**૨ પિંડસ્થ** દેહમાં રહેલ પોતાના આત્માને વિષે અરિહંતાદિ પાંચે પરમેષ્ઠીના ગુણોનું આરોપણ કરી ચિંતવન કરવું તે. ગુણીના ગુણો વિષે એકત્વતાનો ઉપયોગ કરવો તે.

**૩ રૂપસ્થ**–રૂપવાળો દેહધારી આત્મા, વસ્તુતઃ અરૂપી અને અનંત ગુણનો ધણી છે. ઇત્યાદિ વિચારણા.

**૪ રૂપાતીત**-નિરંજન નિર્મળ સંકલ્પ વિકલ્પ રહિત અભેદ એક શુદ્ધિ સત્તારૂપ ચિદાનંદ સ્વરૂપી અસંગ અખંડ અનંત ગુણપર્યાયરૂપ આત્મદશા વિચારવી. આ ધ્યાન મુક્તિના કારણરૂપ છે.

ધ્યાનનો વિષય અહીં સંપૂર્ણ થાય છે અને એ સાથે તપરૂપ પાંચમું કર્ત્તવ્ય પણ પૂર્ણ થાય છે, છઠ્ઠા દાન પરત્વે હવે પછી વિચાર કરશું.

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**શ્રી ઉમેદપુર પાર્શ્વનાથ જૈન બાલાશ્રમનો** તમામ કારભાર ત્યાંના સ્થાનિક કાર્યવાહકો તરફથી **શ્રી ઠઠ્ઠા સાહેબને** સોંપાણો છે. પ્રથમ પણ તેઓશ્રીએ સેવા કરી હતી. હાલ સોંપવાથી સારી પ્રગતિમાં આવશે.

---

**સુખી સફર**-શાહ રતિલાલ ઉજમશી બી. એસ. સી. ની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થઈ બી. એસ. સી. ટેકનીકલનો વધુ અભ્યાસ કરવા માટે તા. ૧૭-૮-૩૫ ના માનચેસ્ટર તરફ જવાના હોઈ તેમની સફરની સફળતા ઇચ્છવા અને અભિનંદન આપવા માટે એક જાહેર મેળાવડો તા. ૯-૮-૩૫ શુક્રવારે બપોરના શ્રીમાન હેમચંદભાઇ રામજી મહેતા એલ. સી. ઇ. એમ. આઇ. ઇ. ના પ્રમુખપણા નીચે **શ્રી જૈન આત્માનંદ સભા** તરફથી સંસ્થાના વિશાળ હોલમાં યોજવામાં આવ્યો હતો. જ્યારે ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, શેઠ કુંવરજી આણંદજી તથા શેઠ દેવચંદ દામજીએ સમયોચિત વિવેચન કરતા અત્રેના નામદાર મહારાજા સાહેબે તેમને આપેલ સંપૂર્ણ ઉદાર મદદ તથા જવા-આવવાનો સેકન્ડ કલાસ પાસપોર્ટ આપવા માટે ઉપકાર માનતાં જૈન કોમ તરફથી મુબારકબાદી ઇચ્છી હતી; અને ભાઈ રતિલાલે ના. મહારાજા સા. પટ્ટણી સાહેબ તથા જૈન સમાજની લાગણી માટે આભાર માન્યો હતો.

મેળાવડાના પ્રમુખશ્રીએ જણાવ્યું કે ભાઇ રતિલાલને આગળ અભ્યાસ કરવામાં મદદના અભાવે બે વર્ષ ખોવાં પડયાં તે જૈન સમાજ માટે શરમાવા જેવું ગણાય. જૈનો એક વખત રાજસ્થાને હતા, તે પછી મંત્રીસ્થાને હતા અને આજે સંખ્યામાં અને સત્તામાં જોવાતા નથી. જૈનોએ આ સ્થિતિમાં ચેતવા અને કેળવણીના વિકાસની અગત્ય તરફ ધ્યાન ખેંચ્યુ હતું અને કોમીય ભેદ દૂર કરવા માટે ભાર મૂકયો હતો. ત્યારબાદ દૂધપાટી આપી મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

---

# સ્વીકાર-સમાલોચના.

## પ્રાચીન ભારતવર્ષ-પ્રથમ વિભાગ

લેખક ડોકટર ત્રિભુવનદાસ લહેરચંદ શાહ. પ્રકાશક શશિકન્ત એન્ડ કું. રાવપુરા વડોદરા. કિંમત રૂા. ૫-૦-૦ આ ગ્રંથમાં ઇ૦ સ૦ પૂર્વે ૯૦૦ થી ઇ૦ સ૦ ૧૦૦ સુધી એક હજાર વર્ષનો ઈતિહાસ ઐતિહાસિક દૃષ્ટિએ શુમારે પચીસ વર્ષ સુધી તેનો અભ્યાસ અને પરિશ્રમ સેવી લેખક મહાશયે આ કૃતિ ચાર વિભાગમાં પ્રગટ કરવા તૈયાર કરેલ છે જેનો પ્રથમ વિભાગ છે, તેમાં પ્રમાણભૂત આગમો અને ઐતિહાસિક ગ્રંથોમાંથી તેમજ પ્રાચીન શિલાલેખો, સિક્કાઓ અને ઇતિહાસિક, રાજકીય, સામાજિક વગેરે હકીકતો ઉપર સારો પ્રકાશ પાડયો છે. ઐતિહાસિક દૃષ્ટિએ સર્વ ઉપયોગી હોવા છતાં ભારતના પ્રાચીન ઇતિહાસ લખનારને ખાસ સહાયરૂપી આ ગ્રંથ છે. કિંમત પાંચ રૂપિયા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની વર્તમાન સ્થિતિ. (સંવત ૧૯૯૦).

ગયા વર્ષમાં આ સભાએ શું પ્રગતિ કરી તેની ટુંક નોંધ આ નીચે આપીએ છીએ. આ રીતે સભાની કાર્યવાહીનું સંક્ષિપ્ત વર્ણન આપવાથી આ સભાના દરેકસભાસદ બંધુઓ, સભા ઉપર પ્રેમ ધરાવનાર ભાઇઓ હિતેચ્છુઓ અને સમાજ વગેરેને જાણ થતાં હવે પછીના માટે સભાની ઉન્નતિ માટે કંઇ સલાહ-સૂચના કે વિચાર તેઓશ્રી જણાવી શકે તેવા હેતુથી જ આવી રીતે ટુંક નોંધ દરવર્ષે અપાય છે.

આ સભાને સ્થાપન થયાં આજે ઓગણુચાલીશ વર્ષ પુરા થતાં ચાલીશમા વર્ષમાં પ્રવેશ કરે છે નિમિત્ત ગુરૂભક્તિ, આત્મિક કલ્યાણ અને ધાર્મિક સેવા વગેરે છે. તેના ઉદ્દેશ પ્રમાણે સભા કાર્ય કર્યે જાય છે.

**કુલ સભાસદો-**

૧ આ સભાના ચાર વર્ગમાં થઈ ગઇસાલની આખર સુધીમાં ૩૭૮) સભાસદો છે. તેમાં બે પેટ્રન સાહેબો, ૧૦૯) પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૨૭) બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૧૨) ત્રીજા વર્ગના મેમ્બરો, ૨૧) પહેલા વર્ગના વાર્ષિક મેમ્બરો અને ૮) બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો ભાવનગર અને બહારગામના મળીને કુલ છે. બહારગામની કેટલીક જૈન સંસ્થા પણ લાઇફ મેમ્બરો છે તેનો તેમાં સમાવેશ થાય છે. નવા સભાસદો થાય તેના નામો શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં તરત જ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ સભામાં જે જે મેમ્બરોની જે જે ફી (લવાજમ) છે તે લઇને તે જ વર્ગમાં દાખલ કરવામાં આવે છે. લાઇફ મેમ્બરોને ભેટના પુષ્કળ સારાં સારાં ગ્રંથોનો વિવિધ જૈન સાહિત્યનો લાભ ધારા પ્રમાણે અપાયો છે-અપાય છે. તે તો અમારા માનવંતા સભાસદોને સુવિદિત છે. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર અને બીજા વર્ગના વાર્ષિક મેમ્બરોનો વર્ગ કેટલાક વખતથી સભાએ કમી કરેલ છે.

## કાર્યો.

**૧ લાઇબ્રેરી ફ્રી-વાંચનાલય-**

આ વાંચનાલયમાં સાત વર્ગો છે. ધાર્મિક, નૈતિક, નૉવેલ, સંસ્કૃત, ઇંગ્રેજી અને ધાર્મિક આગમો વગેરે ગ્રંથો છે. લખેલી પ્રતોનો ભંડાર જે ૧૫૦૦) ની સંખ્યામાં છે તે જુદો છે, તથા ન્યુસપેપરોમાં ડેઇલી, વિકલી, માસિક વગેરે વગેરે સારાં સારાં આવે છે. જૈન અને જૈનેતર ભાઇઓ સારા પ્રમાણમાં લાભ લે છે. કક્કાવારી પ્રમાણે વાચકોની સુગમતા ખાતર તમામ બુકોનું લીસ્ટ છપાયેલ છે. લાઇબ્રેરીની સુવ્યવસ્થા માટે યુરોપીય વિદ્વાનો મીસ ક્રોઝે, જર્મન પ્રોફેસર શુબ્રીંજ સાહેબ અને શ્રી ગાયકવાડ સરકારના સેન્ટ્રલ લાઇબ્રેરીના આ૦ ક્યુરેટર સાહેબ મોતીભાઇ અમીન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે તેમજ અનેક સંસ્થા અને જાહેર પુરૂષોએ ઉંચા અભિપ્રાય આપેલ છે. આ શહેરમાં આવી ફ્રી લાઇબ્રેરી બીજી નથી.

સં. ૧૯૮૯ ના આસો વદ ૩૦ સુધીમાં સાત વર્ગોમાં કુલ પુસ્તકો ૮૧૩૮ રૂા. ૧૩૩૪૪–૧૦–૦ ના હતા, જેમાં ગઇ સાલની આખર સુધીમાં રૂા. ૩૦૯–૨–૦ ના પુસ્તકો ૧૯૨ નો વધારો થતાં તે મળી કુલ પુસ્તકો ૮૨૯૦ રૂા. ૧૩૬૫૩–૧૨–૦ ના થયા છે. લખેલી પ્રતોની કિંમત ઘણી મોટી હોવાથી તેનો સમાવેશ તેમાં થતો નથી તે મળી દશ હજાર ઉપરાંત ગ્રંથો આ લાઇબ્રેરીમાં છે.

**૨ જ્ઞાનોદ્ધાર ખાતું-સાહિત્ય પ્રકાશન ખાતું :**

ચાર પ્રકારે સાહિત્યવૃદ્ધિ–પુસ્તક પ્રકાશન ખાતું સભા કરે છે. (૧) સંસ્કૃત માગધી ગ્રંથો (૨) ગુજરાતી ભાષાના ગ્રંથો, (૩) પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી ઐતિહાસિક ગ્રંથમાળા (૪) શ્રી સીરીઝ ખાતું, અને સાધુ–સાધ્વી મહારાજ તથા જ્ઞાન ભંડારોને ખાસ ભેટ માટેનું પ્રકાશન કરે છે, અને આ વર્ષમાં શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ સીરીઝનું પ્રકાશન કરવાનું માન પણ સભાને પ્રાપ્ત થયું છે.

સભા તરફથી પ્રકટ થતા સભાની માલેકીના ગ્રંથો ( સહાય મળી હોય તો ) સંસ્કૃત–માગધી અડધી કિંમતે, ગુજરાતી ગ્રંથો મુદ્દલ કિંમતે, સીરીઝના ગ્રંથો ધારા પ્રમાણેની કિંમતે મંગાવનારને અપાય છે. સંસ્કૃતના ખપી–અભ્યાસી લાઇફ મેમ્બરો અને પેટ્રન સાહેબો મંગાવે તેને જ સંસ્કૃત અને ગુજરાતી ભાષાના તથા સીરીઝના બધા ગ્રંથો ધારા–ધોરણ પ્રમાણે પેટ્રન સાહેબો, અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં તે રીતે તમામ ગ્રંથો તે રીતે ભેટ અપાયા છે.

ઉપર બતાવેલ ચારે પ્રકારના ગ્રંથો મળી અત્યારસુધીમાં રૂા. ૧૯૨૨૬ાા ના ગ્રંથો સાધુ–સાધ્વી મહારાજ તેમજ અન્ય સંસ્થાઓ, જ્ઞાનભંડારો વગેરેને ભેટ અપાયલા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધીમાં અપાયેલ ગ્રંથોની થતી હજારોની રકમ તો જુદી છે. અમારા જાણવા પ્રમાણે હિંદુસ્તાનની કોઇ પણ જૈન સંસ્થાએ આટલો મોટો પ્રચાર અને ભેટનું કાર્ય કરેલ નથી; તે થવાનું કારણ ગુરૂકૃપા છે.

સં. ૧૯૮૯ ની આખર સાલ સુધી સંસ્કૃત–માગધી ૮૨, ગુજરાતી ૬૮ તથા પ્રવર્તક શ્રી કાંતિવિજયજી ઐતિહાસિક ૭ મળી કુલ ૧૫૭ ગ્રંથો આ સભા તરફથી પ્રગટ થઈ ગયા છે. આ કાર્ય સતત ચાલ્યા કરે છે. સીરીઝનું કાર્ય સભાએ હાથ ધરતાં રૂા. એક હજાર આપનાર બંધુના નામથી ઉત્તરોત્તર ગ્રંથ પ્રકટ થતાં હોવાથી, જ્ઞાનોદ્ધાર સાથે આત્મકલ્યાણ પણ થતું હોવાથી તે રીતની રકમો અત્યાર સુધીમાં ઘણા ગૃહસ્થો તરફથી મળી છે, અને દર વર્ષે નવા જૈન બંધુઓ સાહિત્ય પ્રકાશન માટે સભાને તેવી રકમ આપી જ્ઞાનનો ઉદ્ધાર કરી જ્ઞાનની ભક્તિ કરી રહ્યા છે. અનેક ગ્રંથો સીરીઝ તરીકે પ્રગટ થયેલા છે. સભાને મળતી મદદથી અનેક ઉત્તમોત્તમ ગ્રંથો પ્રસિદ્ધ થતાં હોવાથી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાના લાઈફ મેમ્બરોને બહોળા પ્રમાણમાં તેટલો લાભ મળે છે જેથી થોડા વખતમાં સસ્તું જૈન સાહિત્ય અને બહોળો પ્રચાર અલ્પ કિંમતે સભા કરી શકશે તે નિઃસંદેહ વાત છે.

**૩ કેળવણીને ઉત્તેજન**—દર વર્ષે રૂા. ૩૦૦) જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તરીકે, રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાને મદદના મળી શુમારે સવા ચારશેં રૂપીયા અપાય છે. અનુકૂળતાએ વિશેષ આપવા સભાની શુભ આકાંક્ષા છે. ગામ કેકડી–મારવાડ જૈન વિદ્યાલય અને જૈન પાઠશાળાને બે વર્ષ થયાં રૂા. ૬૦) ની રકમ મદદ તરીકે અપાય છે

**૪ શ્રી આત્માનંદ પ્રકાશ**–માસિક બત્રીશ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો વગેરે આપવામાં આવે છે. અને કોઈપણ માસિક દરેક વખતે જે અત્યાર સુધી નથી આપી શકતું તેવા, સારા સારા અનેકવિધ સાહિત્યના ઉત્તમ ગ્રંથો વધારે, ખર્ચ કરી માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખી ગ્રાહકોને ભેટ દરવર્ષે અપાય છે. અને માસિક મુદ્દલથી ઓછા લવાજમે ગ્રાહકને અપાય છે. જેથી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોની સંખ્યા પણ દિવસાનુદિવસ વૃદ્ધિ થતી જાય છે.

**૫ સ્મારકફંડો**:—આ સભા હસ્તક શ્રીયુત મૂળચંદ નથુભાઈ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડ, તેમજ બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી સ્કોલરશીપ ફંડ, તથા કેળવણી મદદ ફંડ અને શ્રીયુત ખોડીદાસ ધરમચંદ નિરાશ્રીત મદદ ફંડ ચાલે છે, જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતામાં સહાયો અપાય છે.

**૬ શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળા**:—નો વહીવટ આ સભાને તેની કમીટી તરફથી સુપ્રત થયેલ હોવાથી તેનો વહિવટ મદદ આપવા સાથે કરે છે.

**૭ જયંતીઓ**:—પ્રાતઃસ્મરણીય ગુરૂરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જેઠ શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચલજી ઉપર તથા પૂજ્યપાદ ગુરૂવર્ય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદિ ૬, શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરિજીની આસો શુદ ૧૦ ના રોજ આ શહેરમાં દેવગુરૂભક્તિ–પૂજા–સ્વામીવાત્સલ્ય વગેરેથી દર વર્ષે સભા તરફથી ઉજવાય છે.

**૮ સભાની વર્ષગાંઠ**:—દર વર્ષે જેઠ શુદ ૭ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવા વિગેરેથી સભાના મકાનમાં દેવગુરૂભક્તિ–કરવા સાથે શેઠ હઠીસંગભાઈ ઝવેરચંદ વોરાની તરફથી સ્વામીવાત્સલ્ય કરવા સાથે ઉજવવામાં આવેલ છે.

**૯ આનંદ મેલાપ**:—દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન કર્યા પછી દૂધપાર્ટી ઉ૦ પ્રમુખ શેઠ ગુલાબચંદભાઇ આણંદજીએ તે ખાતે આપેલ રકમના વ્યાજમાંથી સભાસદોને આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૦ જ્ઞાનભક્તિઃ**—દર વર્ષે જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાન પધરાવી ભક્તિ કરવામાં આવે છે.

**૧૧ જૈનબંધુઓને મદદઃ**—નિરાધાર કે અશક્ત સ્થિતિના જૈન બંધુઓને સભાને અમુક બંધુઓ તરફથી આવેલી રકમથી તેમની ઇચ્છા પ્રમાણે આર્થિક સહાય અપાય છે.

ઉપરોક્ત હકીકત તથા સાથેની સભાની વહીવટ તથા સરવૈયા સંબંધી હકીકત વહીવટી ચોપડામાંથી જોવા માટે ખુલ્લી છે.

## શ્રી ગુરૂભક્તિનો આનંદજનક પ્રસંગ અને તેને અંગે સભાને ગુરૂભક્તિ કરવાનું મળેલું વિશેષ માન.

સંવત ૧૯૯૨ ના ચૈત્ર શુદ ૧ રોજ પ્રાતઃસ્મરણીય શ્રી **વિજયાનંદસૂરીશ્વરજી** (આત્મારામજી મહારાજના ઉપકારક જીવનનાં સો વર્ષ પૂરા થતાં હોવાથી તે કૃપાળુશ્રીની **શતાબ્દિ** હિંદમાં જૈન સમાજ તરફથી ઉજવાય અને તે રીતે ગુરૂભક્તિ થાય તેવી પ્રવર્તકજી મહારાજ શ્રી **કાન્તિવિજયજી** મહારાજ, શાંતમૂર્તિ શ્રી **હંસવિજયજી** મહારાજ અને આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરિશ્વરજી** મહારાજ વિગેરે મુનિ મહારાજની પ્રબલ ઇચ્છા થતાં તે કાર્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે ઉપાડી લીધું અને તે માટે ઉપદેશ શરૂ કર્યો, અને આચાર્ય મહારાજના પ્રશિષ્ય **ઉમંગવિજયજી** મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી **ચરણવિજયજી** મહારાજે પણ આચાર્ય મહારાજની સાથે રહી તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે યોજનામાં મુખ્ય ભાગ લેવો શરૂ કર્યો. અમોને જણાવતાં આનંદ થાય છે ગુરૂરાજની શતાબ્દિની યોજના સાંભળતાં આ આચાર્ય મહારાજે મુંબઇ પધારતાં સુધીમાં જ્યાં જ્યાં ઉહાપોહ કર્યો તે તે શહેરમાં પણ પ્રોત્સાહન મળ્યું અને સહાયતા પ્રાપ્ત થઈ મુંબઈ ચાતુર્માસ બિરાજમાન છે ત્યાં તો શ્રી સંઘે તે કાર્યને સારી રીતે વધાવી લીધું. તે માટે વિશ્વાસપાત્ર કમીટી મુંબઈમાં નીમાઈ ફંડની શરૂઆત પણ ઠીક થઇ. તે ફંડમાંથી શતાબ્દિ ઉજવવા ઉપરાંત વધારેની રકમ જે રહે તેમાંથી મહારાજની કૃતિના ગ્રંથો અને પ્રાચીન સાહિત્યના ગ્રંથો અલ્પ મૂલ્યે પ્રકટ કરી તે રીતે તેનો વ્યય કરવાનો ઠરાવ થયો. શતાબ્દિ નિમિત્તે જીવનચરિત્ર છપાઈ ગયેલ છે અને એક સ્મારક અંક તૈયાર થાય છે. આ બધું થવા છતાં આચાર્ય મહારાજ શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની કૃપાવડે અને આજ્ઞા મુજબ આ શતાબ્દિના સ્મારક નિમિત્તે એક સીરીઝ ગ્રંથમાળા શરૂ કરવાનો નિર્ણય થતાં તે કાર્ય મુનિરાજ શ્રીચરણવિજયજીમહારાજે ઉપાડી લીધું અને જૈન બંધુઓએ તે માટે પણ સહાય આપવાથી તે સીરીઝના પ્રકાશનનું માન આ સભાને મળ્યું છે, જેથી આચાર્ય મહારાજ શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા મુનિરાજ શ્રીચરણ વિજયજી મહારાજનો આ સભા ઉપકાર માને છે. આ સીરીઝના ગ્રંથો મુદ્દલથી ઓછી કિંમતે, અલ્પ કિંમતે કે ભેટ જે જે વખતે જે જે સંયોગો હશે તે પ્રમાણે તથા આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ વ્યય કરવામાં આવશે.

આ સીરીઝના છપાતાં ગ્રંથોમાં જ્યાં જ્યાં જરૂર હશે ત્યાં તેમાં મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજ ને મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજશ્રીએ સલાહ, સંશોધન કાર્ય તપાસવા વગેરેનું કાર્ય પણ કરવા કૃપા દર્શાવી છે તે માટે આભાર તેઓ સાહેબનો પણ માનીયે છીયે. પ્રાચીન અપૂર્વ જૈન સાહિત્યનું પ્રકાશનનું કાર્ય જે કે ખરેખરી જ્ઞાનભક્તિ છે, તે યથાશક્તિ સભા એ ઉપકારી મુનિ મહારાજાઓની કૃપાથી કરતી હોવાથી સભાને ગુરૂભક્તિ, જ્ઞાનભક્તિની અપૂર્વ સેવા પ્રાપ્ત થઈ છે તે માટે આ સભા ઉપકાર માનવા સાથે પોતાનો અપૂર્વ આનંદ પ્રકટ કરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી સભાનું વહીવટી ખાતું

( સં. ૧૯૯૦ ની સાલનો હિસાબ ).

## ૧ શ્રી સભા નિભાવ ફંડ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૨૦૧) બાકી દેવા. | ૫૮) ખર્ચમાં તૂટતો હવાલો. |
| ૫૮) વ્યાજ. | ૧૫૫૧) બાકી દેવા. |
| ૩૫૦) લાઈફ મેમ્બરો સ્વર્ગવાસ પામતાં આવેલ લવાજમનો હવાલો. | ૧૬૦૯) |
| ૧૬૦૯) | |

## ૨ સભાસદોની ફી ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૫૩૨ાાના બાકી દેવા | ૩૫૫ાા મેમ્બરોને માસિક ભેટ મોકલ્યા તેનો ખર્ચનો હવાલો. |
| ૮૫ાા વાર્ષિક મેમ્બર ફીના | ૧૧૨૨ાાના ખર્ચ ખાતાનો હવાલો |
| ૧૧૪૧ાા લાઇફ મેમ્બર ફીના વ્યાજના | ૪૭) મેમ્બરોના લવાજમ ન પતવાથી માંડી વાળ્યા |
| ૧૭૫૯ાાના | ૨૩૪ાા બાકી દેવા |
| | ૧૭૫૯ાાના |

## ૩ પહેલા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૦૮૦૧) બાકી દેવા. | ૧૦૧) મેમ્બર એક સ્વર્ગવાસ પામતાં સભા નિભાવફંડ ખાતે હવાલો |
| ૨૦૧) નવા બે મેમ્બરોની ફીના. | ૧૦૯૦૧) બાકી દેવા. |
| ૧૧૦૦૨) | ૧૧૦૦૨) |

## ૪ બીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૧૩૦૧) બાકી દેવા. | ૩૦૦) મેમ્બરો સ્વર્ગવાસ પામતાં સભા નિભાવ ફંડ ખાતે હવાલો |
| ૩૫૦) નવા મેમ્બરોની ફીના. | ૧૧૩૫૧) બાકી દેવા. |
| ૧૧૬૫૧) | ૧૧૬૫૧) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૫ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૩૦૦) બાકી દેવા. | |

## ૬ શ્રી આત્માનંદ ભવન (મકાન) ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| | ૨૦૩૯૪ા~ાા બાકી લેણા |
| | ૬ાા વીમો |
| | ૪૪ાા=ાા રીપેરીંગ ખર્ચ |
| | ૧૦૯)= વ્યાજ (બાર માસના ભાડાના બાદ જતાં) |
| | ૨૦૬૧૦ાા=ાા |

## ૭ શ્રી આત્માનંદ ભવન ઉત્તર બાજુનું નવા (મકાન) ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૧૨૦) ભાડાના. | ૩૪૯૦ાા સભાના મકાનની ઉત્તરે આવેલ વોરા નાનચંદ ઓાડીદાસનું મકાન ખરીદ કર્યું તેના. |
| ૩૩૭૦ાા બાકી દેવા | ૩૩૦૧) મકાન વેચાણ લીધું તેના |
| ૩૪૯૦ાા | ૯૯)૦ાા ચોથના નામદાર દરબારશ્રીને |
| | ૮)~ પરચુરણ ખર્ચ |
| | ૩૪૦૮~ાા) |
| | ૫) વીમો |
| | ૭૭ાા=ાા વ્યાજ |
| | ૩૪૯૦ાા |

## ૮ શ્રી સાધારણ ખર્ચ ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૨૪૩ાા~ાા બાકી દેવા | ૪૩)૦ાા ફરનીચર રીપેરીંગ ખર્ચ |
| ૫૧ા~ પુસ્તક વેચાણમાંથી $\frac{1}{4}$ હાંસલ | ૨૫૧ાાા= બાકી દેવા |
| ૨૯૪ાાા=ાા | ૨૯૪ાાા=ાા |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૯ શ્રી સિદ્ધાચલજી ઉપર શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વરજી મહારાજની દહેરી રીપેર તથા જયતિ ( સાધારણ ) ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૩૦૪॥ બાકી દેવા | |

## ૧૦ શ્રી મૂળચંદભાઈ સ્મારક ફંડ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૫૦૦॥= બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત | ૧૨૭)= સ્કોલરશીપના |
| ૭૩। વ્યાજ બોન્ડ તથા ઉપરની રકમનું | ૪૪૭) બાકી દેવા |
| ૫૭૪)= | ૫૭૪)= |

## ૧૧ શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૦૩। બાકી દેવા રૂા. ૧૦૦૦ ના બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત | |
| ૫૭)= વ્યાજ | |
| ૧૬૦॥= | |

## ૧૩ શ્રી જ્ઞાન ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૦।= બેસતા વર્ષના જ્ઞાનપૂજનના | ૩૧૨૩॥=॥ બાકી લેણા જ્ઞાનખાતાનો સ્ટોર કબાટો વિગેરેના |
| ૨॥ જ્ઞાનપંચમીના જ્ઞાનપૂજનના | ૧૧૨॥ વીમાનો ખર્ચ |
| ૧૫૬॥=। પુસ્તકો વેચાણમાંથી હાંસલ રૂ | ૩૯) વખાર ભાડું |
| ૮૩॥-॥ પરચુરણ કસર વગેરેના | ૧૬૫॥=॥ માસિક વર્તમાન પેપર લાઇબ્રેરી ખાતે |
| ૧૨૨૮॥-॥ વ્યાજ તથા પરચુરણ બોન્ડ વેચતા વટાવના | ૧૭૭)‌૭॥ લાઇબ્રેરીના પુસ્તકો ખરીદ કર્યા |
| ૪૦) કમીશનના | ૪૭૭॥=॥ આત્માનંદ પ્ર. પુ. ૩૧ ની ખોટ ભેટની બુક સહિત. |
| ૧૫૧૭॥=। | ૧૨૫) ઉજમબાઇ કન્યાશાળાને મદદ |
| ૩૪૪૭॥=॥ બાકી લેણા | ૪॥= કમીશન સીરીઝમાં |
| ૪૯૬૫॥= | ૫૧૮।=। ઉઘરાણી ન પતવાથી માંડી વાળી |
| | ૩૦) પંચાંગ છપાઇ |

For Private And Personal Use Only

| | |
|---|---|
| ૧૩૩)૦॥ | પુસ્તકો ભેટ આપ્યા |
| ૫૮।≈॥ | પેકીંગ તથા પરચુરણ ખર્ચ |
| ૪૯૬૫।≈ | |

## ૧૨ શ્રી આત્માનંદ પ્રકાશ પુ ૩૧ નું ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૪૧૬। | લવાજમ | ૧૦૧૦)≈॥ | છપાઇ બાઇંડીંગ કાગળ |
| ૩૫૫॥ | મેમ્બર ફી ખાતેથી | ૧૪૫॥।૦॥ | પોસ્ટ ખર્ચ |
| ૪૭૭॥।≡॥ | ખોટના જ્ઞાનખાતેથી | ૧૬૬॥ | ભેટની બુકના |
| ૧૨૫)~॥ | જૈન ધર્મ ભેટનો બુકના પુસ્તક વેચાણ ખાતેથી | ૩૮॥≈ | વી. પી. પોસ્ટ ખર્ચના |
| | | ૧૩॥। | લખાઈ મેટરની |
| ૧૩૭૪॥।~ | | ૧૩૭૪॥।~ | |

## સં. ૧૯૯૩ ના આસો વદિ ૦)) સુધીનું સરવૈયું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૨૪૮૬)≡॥ | શ્રી જ્ઞાન ખાતે પુસ્તકો બાબત | ૧૭૭૬૮।~ | પુસ્તક તથા છાપવાના કાગળ વગેરે જ્ઞાન ખાતે. |
| ૧૬૧૧૭।≈ | સીરીઝ ખાતાના અનામત | ૬૪૨૫) | સીરીઝના પુસ્તકો પુરાંત છે તેના |
| ૧૪૧।~ | પરચુરણ દેવું | ૨૬૮૫॥~॥। | છાપખાના તથા બુકસેલરો પાસે લેણા |
| ૧૩।૦॥ | આત્માનંદ પ્ર. પુ. ૩૨ મું | ૨૪૬૯૯।≈॥ | શ્રી આત્માનંદ ભુવન(મકાનો) ખાતે |
| ૩૦૩૯૦॥≈ | સાધારણ લાઇફમેમ્બર ફી મકાન ફંડ વગેરે | ૨૧૫૩૪॥≡ | શરાફી ખાતે |
| ૫૬૩૨॥।~। | જયંતી ફંડ ખાતે | ૧૧૪૬॥ | મેમ્બરોના ખાતે |
| ૩૪૦૪॥≈ | કેળવણી વગેરે સહાયક ફંડ ખાતે | ૧૭૪,≈॥। | ઉબળેક લેણા |
| ૫૯૨૮॥।≈ | શરાફી ખાતા | ૧)~ | શ્રી પુરાંત બાકી આસો વદ ૦)) |
| ૧૯॥ | મેમ્બરોના દેવા | ૭૪૪૩૪॥। | |
| ૧૮૪) | લાઇબ્રેરીના ડીપોઝીટ | | |
| ૪૩।≈ | ઉબળેક દેવું | | |
| ૭૪૩૬૨)૦। | | | |
| ૭૨।≡। | ફેર છે તે હજુ જોવાય છે. | | |
| ૭૪૪૩૪॥। | | | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री यशोविजयजी जैन गुरुकुळ–पालीताणा.

## વાર્ષિક કર્તવ્ય.

**સ્વધર્મી બંધુઓ અને બ્હેનો,**

**આ સંસ્થાના** કાર્યથી આપ માહિતગાર હશો જ. વિશેષમાં આ પત્રિકા **પ્રકટ** થાય છે તેથી વધુ પરિચય થશે.

**ગયા** વર્ષમાં ટોટો પડ્યો હતો તેમ **ચાલુ સાલમાં** અશાડ સુધીની આવક જોતાં રૂા. ૫૦૦૦ નો ટોટો **પડે** તેમ જણાવાથી આપ તરફ વિનંતિ કરવા જરૂર પડી છે કે, આપ આ વર્ષે પણ યોગ્ય મદદ મોકલી આભારી કરશોજી. વાર્ષિક ખર્ચ રૂા. ૨૫૦૦૦)નો છે.

**વિદ્યાર્થીની સંખ્યા ૧૫૧** ની છે. જુદા જુદા **૮૦** ગામના સ્વધર્મીભાઇઓના બાળકો છે. હાઇસ્કુલમાં ૩૭ જાય છે. બાકીના ગુરૂકુળ વિદ્યાલયમાં ભણે છે. ધાર્મિક અને ઔદ્યોગિક શિક્ષણની ખાસ ગોઠવણ છે. વ્યાયામની પણ ગોઠવણ **સારી** છે અને તે માટે શેઠ હીરાચંદ વસનજીની મદદથી ખાસ મકાન આ વર્ષે તૈયાર થઈ ગયું છે.

**ધાર્મિક** ક્રિયા અને તપ આદિ વિદ્યાર્થીઓ ઘણી જ સારી રીતે પ્રેમપૂર્વક કરે છે. આંબિલ તપ તો ચાલુ જ છે. પેઇંગની સંખ્યા માત્ર **૨૪** ની છે. હાફ્પેઇંગની અને સારાભાઈ આદિના સ્કોલરોની સંખ્યા **૬૧** ની છે; જ્યારે તદન ફ્રી **૬૬** છે.

સર્વે **દાનોમાં** જ્ઞાનદાન શ્રેષ્ઠ છે. તેમાં પણ **વ્યવહારિક સાથે ધાર્મિક જ્ઞાન** વ્યવસ્થિત રીતે અપાય તેવી સંસ્થાઓને નિભાવવા–ખીલવવા હરેક **જૈન** બંધુએ યથાશક્તિ વાર્ષિક મદદ મોકલવી જ જોઇએ.

**શક્તિવાળે** બને તે જાતે આપવું, બીજાઓએ શક્તિશાળી પાસેથી મેળવી મોકલાવવા બનતું કરવું. **કાર્યવાહકો બધે ન પહોંચી શકે.** બધે ઉપદેશકો મોકલવાનું પણ ન પાલવે. મંદીના ટાઈમમાં પણ ભાગ્યશાળીઓ કમાઈ કરે છે. તેમને **ધનનો સદુપયોગ કરવા ખાસ** ધ્યાન ખેંચવા જરૂર છે.

**પૂજ્ય મુનિરાજો**, જેઓએ આ ખાતાની મુલાકાત લીધી છે અને બીજી રીતે પણ તેના કાર્યથી માહિત છે, તેઓ તો યોગ્ય સમયે મદદ મોકલવાનો સદુપદેશ આપવા ચુકતા નથી, છતાં આ પવિત્ર **પર્યુષણ પર્વ પ્રસંગે અનેક પ્રકારના થતા દાનો વખતે આ ગુરૂકુળને વધુ યાદ કરવા કૃપા કરે તેવી વિનંતિ છે.**

**શ્રીમાનો** અને **શ્રીસંઘ** પ્રત્યે કાર્યવાહકો સંસ્થાની સ્થિતિ અને જરૂરીઆત રજુ કરે, પણ તેનો યોગ્ય સતકાર થાય તો વધુ ઉત્સાહ આવે, માટે પર્યુષણ પર્વમાં વિશેષ ધ્યાન આપવા વિનંતિ છે. **જુદા જુદા ૮૦ ગામના સ્વધર્મી બંધુઓનું હંમેશનું સ્વામીવાત્સલ્ય આ ખાતાને મદદ કરવાથી થાય છે. તિથિઓ** હવે **જુજ બાકી છે.** આ વર્ષે છુટક મદદવડે વર્ષ આખરે કંઇ ટોટો ન રહે તેવી નાની–મોટી મદદ કરવા ખાસ જરૂર છે. **બીજી રીતે મદદના માર્ગો નીચે મુજબ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**( ૧ ) એક ટંક કે એક દિવસ પુરતાં ખર્ચના માટે** રૂા. ૨૫) કે રૂા. ૫૦) મોકલી-મોકલાવી ખાડો પુરો કરાય. **સાધનસંપન્ન** બંધુ તરફ આ માગણી વધુ નથી. નાના ગામો અને શ્રી સંઘો સામુદાયિક ટીપ કરે છે તેમાંથી આ ખાતાને સારી રકમ મોકલવા જરૂર યાદ કરે અને **૫૦-૧૦૦** સ્થળે તેનું અનુકરણ થાય તો જરૂર કાર્ય ઠીક થાય.

( ૨ ) કાયમી **તીથીરૂપે** રૂા. ૨૫૧) કે રૂા. ૫૦૧) લેવાય છે, તે હવે થોડી બાકી છે અને ચાલુ **આયંબીલ અંગે** આયંબીલની તીથી રૂા. ૫૧) માં નોંધાય છે. પાંચથી વધુ તીથીઓ નોંધાવનાર ત્રીજા વર્ગના લાઇફમેમ્બર થાય છે, હવે તીથીજ થોડી બાકી છે આ રીતે પણ મદદ મોકલી શકાય છે.

**( ૩ ) મકાન ખાતે મોટી** રકમનું લેણું ખેંચાતું હોવાથી એવી યોજના કરવી પડી છે કે, રૂા. **૧૦૦૧)** રૂા. **૫૦૧)** રૂા. **૨૫૧) મુજબ રકમ આપનાર ગૃહસ્થોનાં નામો** શયનગૃહ અને સ્ટાફ નિવાસગૃહનાં **મુખ્ય બારણાની પડખે** ( દર્શનીય ભાગે ) **આરસની તખ્તીમાં નામ લખવાં** અને પહેલા-બીજા અને ત્રીજા વર્ગના **લાઇફ મેમ્બર ગણવા.** ( પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો અને પેટ્રનોના ગુરૂકુળના મકાને ફોટાઓ રખાય છે. ) આ રીતે શ્રીમાનો સંસ્થાને ઉત્તેજિત કરી શકે છે અને બીજાઓને અનુકરણીય થાય છે.

**દવાખાના**ને અંગે ચાલુ ખર્ચ થાય છે તે માટે યોગ્ય રકમ આપી નામ જોડવા તથા **ઉદ્યોગગૃહને** નામ જોડવાની શ્રીમાનો પ્રત્યે વિનંતિ છે.

**કોમરશીયલ ( નામનો )** કલાસ ( શિક્ષણ ) ન્યાય, વ્યાકરણાદિ ઉચ્ચ ધાર્મિક જ્ઞાનના વર્ગો તથાપ્રકારની મદદ મળે શરૂ કરવાની ભાવના છે.

**ગુરૂકુલમાં** ચાલતા **વિદ્યાલયને** પણ સારી રકમ આપી નામ જોડવાની કેળવણીપ્રિય શ્રીમાનો પ્રત્યે વિનંતિ છે.

શેઠ **સારાભાઇ** લોન ફંડ પુરૂં થવા આવ્યું છે, જેથી તેમના તરફના ૨૦ વિદ્યાર્થીઓ ચાલુ છે તે બંધ થવા અગાઉ રૂા. ૨૦૦૦) એક સાથે અથવા વાર્ષિક રૂા. ૧૨૦ ( ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે ) આપીને પોતાના નામે અને તેટલા વિદ્યાર્થીઓ નિભાવવા શ્રીમાનોએ જરૂર મદદ કરવી.

યાદ રાખી **નીચેના સ્થળે-તાકીદે મદદ મોકલી આભારી** કરવા ફરીથી વિનંતિ કરતા........................ ....................અમો છીએ.

| | |
|---|---|
| | શ્રી સંઘના સેવકો. |
| ૭૩-૭૭ ધીયા નિવાસ. મુંબઈ. નં. ૨ | **ફકીરચંદ કેશરીચંદ શ્રોફ.** |
| **સંવત. ૧૯૯૧ શ્રાવણ વદ ૧** | **નાનચંદ કસ્તુરચંદ મોદી.** |
| **શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ.** | **લલ્લુભાઇ કરમચંદ દલાલ.** |
| | ઓ. સેક્રેટરીઓ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री यशोविजयजी जैन गुरुकुळ–पालीताणा.

## રૂા. ૫૧) માં આયંબીલની કાયમ તિથિનો તેમ રૂા. ૧૨૫) માં એક દુગ્ધ ( દૂધ ) પાન અને નાસ્તાની કાયમ તિથિનો—

## અપૂર્વ લાભ લ્યો !

સાધર્મી બંધુઓ તથા બ્હેનો ! સૌ કોઈ શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ સંસ્થાથી પરિચિત છે, તેની અંદર લગભગ એંશી ગામના મળી ૧૫૧ વિદ્યાર્થીઓ લાભ લ્યે છે, જેમાં અડધા ઉપરાંત વિદ્યાર્થીઓ ફ્રી તરીકે લાભ લ્યે છે.

**જે સદ્ગૃહસ્થ રૂા. ૫૧) આપે તેમના નામની એક આયંબીલની તેમજ રૂા. ૧૨૫) આપે તેમના નામની એક દુગ્ધપાનની તિથી અત્રે નોંધાય છે.**

રકમ કાયમ રાખી ફક્ત વ્યાજ જ વપરાય છે. આયંબિલની લગભગ સવાઆઠ માસની તિથિઓ ભરાઇ ગઇ છે અને દુગ્ધપાન અને નાસ્તાની નવી તિથિઓ હમણાં જ શરૂ થઈ હોવાથી ત્રણ નોંધાઇ છે. આયંબીલની પાંચ તિથિ ભરનાર સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટપૂંડના ત્રીજા વર્ગના સભાસદ થઈ શકે છે તેમ દુગ્ધપાનની બે તિથિ ભરનાર પણ ત્રીજા વર્ગના કાયમ સભાસદ થઇ શકે છે.

આ સંસ્થાના પ્રતિવર્ષના રિપોર્ટો બહાર પડે છે. તેમ તેનો માસિક એહવાલ પણ જૈનપત્રમાં " ગુરૂકુલ પત્રિકા " ના નામથી જૈન જનતાની જાણ માટે ( કાર્યવાહી અને મદદનો ) પ્રગટ કરવામાં આવે છે.

કેળવણીની સંસ્થાઓ, એ આપણી ભાવિ પ્રજાની આબાદિ તેમજ ઉન્નતિનું કેન્દ્રસ્થાન છે. અને તેની સંગીનતા, સ્થિરતા અને સબળતા ઉપર જ આપણી ભાવી પ્રજાની ઉત્ક્રાંતિનો તેમજ પ્રગતિનો સઘળો આધાર છે, અને તે શુભ હેતુથી જ કાયમી તિથીઓની યોજનાઓ પ્રસંગવશાત્ અને જરૂર જણાતાં કરાય છે અને તે એકજ શુભાશયથી કે સંસ્થાનું જીવન લંબાય.

સમયાનુસાર રકમ નાની હોય તો ઘણા બન્ધુઓ તથા બ્હેનો તેનો લાભ સ્હેલાઇથી લઇ શકે, તે માટે પણ ઉપરોક્ત તિથીઓ નિયત કરવાનો કમીટીનો શુભ હેતુ છે, જેથી શાસનના હિતેચ્છુઓ તેમજ સાધર્મીવાત્સલ્ય ઇચ્છક બન્ધુઓ તેમજ સંસ્થા પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર સજ્જનો, ખાલી તિથિઓ નોંધાવશો અને પોતાનું યા નહિં તો પોતાના વડીલોનું કે આપ્તજનોનું મુબારક નામ અમર કરી સંસ્થાને સદાને માટે આભારી કરશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વામીવાત્સલ્ય ફંડમાં તિથીઓ ખાલી થોડી હોવાથી અને વિદ્યાર્થી ૭૫ વખતે કરેલ યોજના ૧૫૦ વિદ્યાર્થી માટે ઓછી જણાયાથી ખર્ચને પહોંચી વળવા અને તે માર્ગે સર્વને મદદ કરવાનું વધુ યોગ્ય જણાયાથી આયંબીલ અને દૂધ તથા નાસ્તાની તિથિઓ લેવી શરૂ કરેલ છે.

આ સાથે દરેક યાત્રિકબન્ધુઓ તથા બ્હેનોને વિનંતિ કે અત્રે કલકત્તા-નિવાસી શ્રીમાન્ શેઠ રામચંદ જેઠાભાઈ તરફથી રૂા. ૮૦૦૦) ના ખર્ચે સંસ્થામાં બંધાવી આપવામાં આવેલ ભવ્ય જિનપ્રાસાદમાં શ્રી સુમતિનાથ પ્રભુની અલૌકિક અને પ્રભાવિક મૂર્તિ બીરાજમાન કરવામાં આવી છે, જે સંપ્રતિ રાજાના વખતમાં ભરાવેલ બિંબ છે અને આબુજી જેવા જુના-પુરાણા તીર્થ ઉપરથી લાવવામાં આવેલ છે, તેમના દર્શનાર્થે અવશ્ય સંસ્થામાં પધારી દર્શનનો લાભ લેશો. બીજું આ જિનાલયના રંગમંડપની બહારના ભાગમાં અપૂર્વ કારીગરીનું—આપણી પુરાતન જાહોજલાલી બતાવનારૂં જુનું-પુરાણું સુખડનું સુંદર કોતરણીવાળું અને આબુજી ઉપરના દેરાણી જેઠાણીના ગોખલાની જગતવિખ્યાત અનુપમ કારીગરીની ઝાંખી કરાવતું જિનમંદિર છે, જે ગુર્જરભૂમિના પાટનગર પાટણથી અમદાવાદના ઝવેરી મોહનલાલ મગનલાલ તરફથી મળેલું છે. તે તથા વિદ્યાર્થીઓની સગવડ અર્થે—વિદ્યાર્થી-ગૃહ, શયનગૃહ, વિદ્યાભવન, વ્યાયામશાળા, ઉદ્યોગગૃહ, ભોજનાલય અને આરોગ્યભુવન આદિ મકાનો અને વિદ્યાર્થીઓની ધાર્મિક અને વ્યવહારિક નિયમીત પ્રવૃત્તિઓ અવકાશ લઈને ખાસ જોવા માટે ધ્યાન ખેંચીએ છીએ.

ખાલી તિથીઓનું લીસ્ટ મંગાવ્યાથી અથવા હેડ ઓફીસેથી જોવા માગવાથી મળી શકશે.

વિદ્યાર્થી દીઠ રૂા. ૨૦૦૦) એક સાથે અથવા વાર્ષિક રૂા. ૧૨૦) આપી પોતાના નામે બને તેટલા વિદ્યાર્થીઓ ફ્રી રાખવા શ્રીમાનોનું ખાસ ધ્યાન ખેંચવા રજા લઈએ છીએ. મકાનોખાતે મોટી રકમ લેણી ઉભી છે, તે માટે શયનગૃહના મુખ્ય દરવાજે રૂા. ૫૦૧) થી રૂા. ૨૫૦૧) સુધીની રકમ આપ-નારનાં તથા રૂા. ૨૫૧) થી રૂા. ૫૦૦) સુધીની રકમ આપનારનાં નામ સ્ટાફગૃહ સાથે આરસના પાટીયામાં લખાશે. માટે તે માર્ગે પણ મદદ કરી નામ અમર કરવું અને બીજાને અનુકરણીય થઈ પડવાની ફરજ બજાવવી.

અમો આપને રૂબરૂ મળીને જ આ માગણી કરીએ છીએ તેમ માની સંસ્થાને યથાશક્તિ મદદ આપશો અને અપાવશો તો અમોને સેવાના કાર્યમાં વધુ ઉત્સાહ મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો...

## શ્રી કર્મગ્રંથ. (૪) મૂળ.

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુક્ત **ચારકર્મ-ગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું (અગાઉ છપાયેલ કોઇ આવૃત્તિઓનો નહિ) પરંતુ બે તાડપત્રીય પ્રાચીન પ્રતો અને ત્રણ પ્રાચીન કાગળની પ્રતોનો ઉપયોગ કરી એનું સંશોધન ઘણીજ પ્રમાણિક રીતે કર્યું છે. કાળજીપૂર્વક સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિંમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતામ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. **આ ગ્રથને અંગે મળેલ આર્થિક સહાય થયેલ ખર્ચમાંથી બાદ કરી** માત્ર રૂા. ૨–૦–૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે.

—:લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર મોટી સાઇઝના ફોટાઓ.

| | |
|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી | ૦-૧૨-૦ |
| શ્રી કેસરીયાજી મહારાજ. | ૦-૮-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૧-૮-૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ. | ૦-૮-૦ |
| શ્રી પાર્શ્વનાથ પદ્માવતી. | ૦-૮-૦ |
| શ્રી ગીરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ |
| શ્રી રાજગિરિ–સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ |
| છ લેશ્યા. | ૦-૬-૦ |
| શ્રી મધુબિંદુ. | ૦-૬-૦ |
| પાવાપુરીનું જલમંદિર. | ૦-૮-૦ |
| **સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે.** | ૨-૮-૦ |
| જંબૂદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| નવતત્વના ૧૧૫ ભેદનો નકશો.રંગીન | ૦-૨-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર રંગીન બહુજ મોટી સાઇઝ | ૦-૬-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# અમારૂં પ્રકાશન ખાતું.

## છપાયલા ગ્રંથો.

| | |
|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. | રૂા. ૩-૮-૦ |
| ૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતિય અંશ. | રૂા. ૩-૮-૦ |
| ૩ શ્રી બૃહત્કલ્પસૂત્ર પ્રથમ ભાગ. | રૂા. ૪-૦-૦ |
| ૪ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) | રૂા. ૨-૦-૦ |

## છપાતાં ગ્રંથો.

૫ શ્રી વસુદેવ હિંડિ ત્રીજો ભાગ.
૬ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ.
૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

## ગુજરાતી ગ્રંથો.

| | |
|---|---|
| ૧ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર. ( તૈયાર છે. ) | રૂા. ૦-૨-૦ |
| ૨ શ્રી સામાયક સૂત્ર. મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). | રૂા. ૦-૨-૬ |
| ૩ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, | રૂા. ૦-૧૦-૦ |
| ૪ શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર ,, ,, | રૂા. ૧-૪-૦ |

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

### ( ગ્રંથમાળા ) તરફથી પ્રકાશિત થયેલા અને થતાં પુસ્તકો.

| | |
|---|---|
| ૧ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ | ૦-૨-૦ |
| ૨ પ્રાકૃતવ્યાકરણ. ( અષ્ટમાધ્યાય સૂત્રપાઠ ) | ૦-૪-૦ |
| ૩ શ્રી વીતરાગ-મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર | ૦-૪-૦ |
| ૪ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર | ૦-૮-૦ |

## છપાતાં ગ્રંથો.

૧ ચારિત્રપૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા ( ગુજરાતી અક્ષરમાં )
૨ શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ.
૩ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશ પર્વ ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )
૪ ધાતુપારાયણ.
૫ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત. )

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું. – ભાવનગર.

For Private And Personal Use Only